**આજનો સુવિચાર**

જીવનમાં છોડી શકો તો અભિમાન અને ગેરસમજને છોડો, સંબંધો છોડીને આજ સુધી કોઈપણ સુખી થયું નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૪ જૂનાગઢ તા.૨૮-૬-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 164, Junagadh : Date : 28 Jun, 2023, Wendnesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ભારતીય સૈન્યનાં હાઈટેક ઓપરેશનમાં પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીરમાં ૧૫ વિદેશી ત્રાસવાદી ઠાર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાં આગામી તા.૧ જુલાઈથી પ્રારંભ થઈ રહેલી અમરનાથ યાત્રા પુર્વે ભારતીય સેનાએ આ યાત્રા ખોરવવા સહિતના ત્રાસવાદી હુમલા માટે તૈયાર રહેલા અને ભારતીય સીમામાં ઘુસવાનો પ્રયાસ કરી રહેલા ત્રાસવાદીઓ વિરૂધ્ધનાં બે અલગ અલગ ઓપરેશનમાં પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટના ૧૫ ત્રાસવાદીઓને ઠાર માર્યા છે. આ બન્ને ઓપરેશન હાઈટેક સર્વલન્સ સીસ્ટમનો ઉપયોગ કરીને પાક કબ્જાના કાશ્મીરમાં કરવામાં આવ્યા હતા. તા.૧૬ અને ૨૪ જૂનના આ ઓપરેશન કરાયા હતા. ઉલ્લેખનીય છે કે હાલમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે કાશ્મીરની મુલાકાત લઈને સુરક્ષાની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી અને તે સમયે તેઓને ત્યાં ઓપરેશનની સફળતાની જાણ કરવામાં આવી હતી. પીએએફએફ એ જૈશ-એ-મોહમ્મદનું નવું સંગઠન છે અને તે કાશ્મીરમાં લોકોને ઉશ્કેરવાનો પ્રોપેગંડા ચલાવે છે પણ તા.૧ જુલાઈથી અમરનાથ યાત્રા શરૂ થવાની છે તે પુર્વેજ તે ભારે શસ્ત્રોથી સજજ ત્રાસવાદીઓને ખીણમાં ઘુસાડીને મોટો હુમલો કરે તેવી તૈયારી અંગે બાતમી મળતા જ ભારતમાં ઘુસે તે પુર્વે પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીરમાં પણ આ ઓપરેશન ચલાવવા નિર્ણય લેવાયો હતો અને તેને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે.

રાજયના માછીલ તથા કુપવારા ક્ષેત્રમાં ત્રાસવાદીઓ ઘુસણખોરી માટે જે રૂટનો ઉપયોગ કરે છે. તેના પર નજર રાખવા માટે અતિઆધુનિક સર્વેલન્સ સીસ્ટમ તથા અન્ય સાધનો ગોઠવીને સરહદ પારની થતી હિલચાલ પર સતત નજર રાખવામાં આવતી હતી.

## શેરબજારમાં નીફટીએ નવો રેકોર્ડ બનાવ્યો

(મુંબઈ બ્યુરો) મુંબઇ, તા.૨૮

ભારતીય શેરબજાર આજે ઐતિહાસિક ટોચે પહોંચી ગયું છે. નેશનલ સ્ટોક એકસચેન્જે તેના જૂના ઓલ ટાઈમ હાઈના રેકોર્ડને પાછળ છોડીને નવી ઊંચાઈ હાંસલ કરી છે.

વાસ્તવમાં, નિફટી આજે ખુલતાની સાથે જ ૧૮૯૦૦ ની ઉપર ખુલ્યો હતો. અગાઉ, નિફટી ૧૮,૮૮૭.૬૦ પોઈન્ટની સર્વકાલીન ઊંચી સપાટી હતી. નિફટીએ ૧૪૨ સેશન બાદ આ ઈતિહાસ રચ્યો છે. નિફટીએ અગાઉ ઓક્ટોબર ૨૦૨૧માં ૧૮,૮૮૭ પૉઈન્ટની સર્વકાલીન ઊંચી સપાટી બનાવી હતી.

છેલ્લા કેટલાક સત્રોથી નિફટી સતત ઓલ ટાઈમ હાઈ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ આજે નિફટીએ અગાઉના તમામ રેકોર્ડ તોડીને નવી ટોચે પહોંચી છે. આ દરમિયાન સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં પણ જોરદાર તેજી જોવા મળી રહી છે.

હાલમાં ભારતીય શેરબજાર નવી ઊંચાઈએ ટ્રેડ થઈ રહ્યું છે. સવારે ૧૦.૧૫ વાગ્યે સેન્સેક્સ ૨૨૨ વધી ૬૩૬૩૮ પોઈન્ટ હતો. જયારે નિફટી ૧૮૮૮૦ની આસપાસ છે. દરમિયાન અદાણી એન્ટરપ્રાઈઝ અને અદાણી પોર્ટના શેરમાં નિફટી-૫૦માં તેજી જોવા મળી રહી છે. આ સિવાય ટાઈટન, JSW સ્ટીલ અને બજાજ ફાઈનાન્સના શેર પણ દોઢ ટકા સુધી મજબૂત છે. જોકે ખાનગી બેંકોના શેરમાં મામૂલી દબાણ છે. નિષ્ણાતોનું માનવું છે કે આગામી સમયમાં નિફટીનો ટ્રેન્ડ મજબૂત જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારમાંથી મળી રહેલા સકારાત્મક સંકેતોની સાથે નિફટીએ મજબૂતી મેળવી છે, જેની મદદથી તેણે ઐતિહાસિક ઊંચાઈ હાંસલ કરી છે.

## ૩ જૂલાઈથી રામાયણ ટીવી સિરીયલનું પુર્નઃ પ્રસારણ

મુંબઈ,તા. ૨૮ : દર્શકોની માગ પર શેમારુ ટીવી ટેલિવિઝન સ્ક્રીન પર રામાનંદ સાગરની ‘રામાયણ’ ટીવી સીરીયલ ફરી જોવા મળવાની છે. પ્રેક્ષકોને આધ્યાત્મીકતાની દુનિયાનો અહેસાસ કરાવવા માટે શેમારુ તરફથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શેમારુ ટીવી પર ૩ જુલાઈ સોમવારથી રવિવાર સાંજે ૭:૩૦ કલાકે આ નોંધપાત્ર શો રીલીઝ થવાનો છે. ભગવાન રામ તરીકે અરુણ ગોવિલ તેમ જ સીતાના પત્રમાં દીપિકા ચિખલિયા ફરી દર્શકો સુધી પહોંચવાના છે.

## ભારતમાં વિશ્વનું સૌથી બીજુ મોટું રોડ નેટવર્ક

નવી દિલ્હી, તા.૨૮: નરેન્દ્ર મોદી સરકાર દ્વારા છેલ્લા ૯ વર્ષ દરમિયાન કરાયેલા વિકાસકાર્યોના ભાગરૂપે ભારતનું રોડ નેટવર્ક ૫૯ ટકા વૃદ્ધિ સાથે વિશ્વનું બીજું સૌથી મોટું રોડ નેટવર્ક બન્યું હોવાનું કેન્દ્રીય રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે જણાવ્યું. રાજધાની દિલ્હીમાં મોદી સરકારના ૯ વર્ષ વિષય પર એક કોન્ફરન્સને સંબોધતા ગડકરીએ એમ પણ કહ્યું કે ભારત કુલ ૬૪ લાખ કિ.મી.નું રોડ નેટવર્ક ધરાવે છે, જે અમેરિકા બાદ વિશ્વમાં બીજું સૌથી મોટું રોડ નેટવર્ક છે. દેશમાં હાલ કુલ ૧,૪૫,૨૪૦ કિ.મી.નું નેશનલ હાઈવે નેટવર્ક છે, જે ૨૦૧૩-૧૪માં ૯૧,૨૮૭ કિ.મી. હતું.

ગડકરીએ ઉમેર્યું હતું કે છેલ્લા ૯ વર્ષમાં ભારતે રોડ નેટવર્ક ક્ષેત્રે ૭ વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યા છે. ટોલ ચાર્જની આવક પણ ૨૦૧૩-૧૪માં ૪,૭૭૦ કરોડ રૂપિયા હતી, જે વધીને ૪૧,૩૪૨ કરોડ રૂપિયા સુધી પહોંચી છે. ૨૦૩૦ સુધીમાં ટોલ રેવન્યૂ વધારીને ૧.૩૦ લાખ કરોડ રૂપિયાની કરવાનું સરકારનું લક્ષ્ય છે. ફાસ્ટેગના ઉપયોગથી ટોલ પ્લાઝાઓ પર વેઈટિંગ ટાઈમ ઘટીને ૪૭ સેકન્ડનો થઈ ગયો છે, જેને હજુ ઘટાડીને ૩૦ સેકન્ડથી નીચે લાવવા સરકાર વિવિધ પગલાં લઈ રહી છે.

## મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કાંટે કી ટકકર થશે : કોંગ્રેસને બહુમતી મળશે : સર્વે

ભોપાલ,તા. ૨૮

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે. આવી સ્થિતિમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો ચૂંટણી જીતવા માટે મરણીયા પ્રયાસોમાં લાગેલા છે. આ વખતે ફરી સ્પર્ધા કાંટે કી ટકકર જેવી જોવા મળી રહી છે. ભાજપ રેકોર્ડબ્રેક બહુમતી મેળવીને સત્તામાં રહેવાનો દાવો કરી રહ્યું છે, તો કોંગ્રેસ પણ ચૂંટણી જીતવા પ્રયાસ કરી રહી છે. જેના માટે બંને પક્ષોએ મહિલા મતદારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ સિવાય મોટી જાહેરાતો કરવામાં આવી છે, જો કે આ સર્વે દ્વારા જાણો ચૂંટણી પહેલા જનતાનો શું અભિપ્રાય છે તે જાણી શકાય છે.

મધ્યપ્રદેશમાં કુલ ૨૩૦ વિધાનસભા બેઠકો છે, સી-વોટર સર્વે મુજબ ભાજપને ૧૦૬-૧૧૮ બેઠકો મળી શકે છે જયારે કોંગ્રેસને ૧૦૮-૧૨૦ બેઠકો મળી શકે છે. માલવા-નિમારમાંથી ભાજપને ૨૩-૨૭ અને કોંગ્રેસને ૧૮-૨૨ બેઠકો મળી શકે છે, આ સાથે નિમારમાંથી ભાજપને ૧૧-૧૫ અને કોંગ્રેસને ૧૧-૧૫ બેઠકો મળી શકે છે. બીજી તરફ બુંદેલખંડમાં ભાજપને ૨૧-૨૫ અને કોંગ્રેસને ૩૦-૩૪ બેઠકો મળી શકે છે, તેમજ મહાકૌશલમાં ભાજપને ૨૦-૨૪ અને કોંગ્રેસને ૧૮-૨૨ બેઠકો મળી શકે છે. ભોપાલ ક્ષેત્રમાં ભાજપને ૧૮-૨૨ બેઠકો અને કોંગ્રેસને ૦૩-૦૭ બેઠકો મળવાની ધારણા છે, આ સિવાય ચંબલમાં ભાજપને ૦૭-૧૧ અને કોંગ્રેસને ૨૨-૨૬ બેઠકો મળવાની ધારણા છે.

## હજુ આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી: દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ : બારડોલીમાં ૬ ઈંચ

અમદાવાદ તા. ૨૮

હવામાન વિભાગે આગામી ૪ દિવસ સુધી ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. ગઈકાલે સવારના ૬થી આજે સવારના ૬ વાગ્યા સુધી એટલે કે ૨૪ કલાકમાં રાજ્યના ૧૨૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતને મેઘરાજાએ ધમરોળ્યું છે. જેમાં સૌથી વધુ વરસાદ બારડોલીમાં ૬ ઈંચ ખાબક્યો છે. જયારે દક્ષિણ ગુજરાતના ૨૪ તાલુકામાં ૨ ઈંચથી લઈ ૬ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે સુરત, ભાવનગર, અમરેલીમાં ભારે વરસાદની આગાહી છે. જયારે અમદાવાદમાં સવારથી ધીમીધારે વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગે આજે ગુજરાતના ૧૦ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ૧૦ જિલ્લામાં આજે ભારે વરસાદ પડવાની પૂરી સંભાવના છે. ૧૦ જિલ્લામાં રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દાહોદ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડનો સમાવેશ થાય છે.

## જન્મ-મૃત્યુ નોંધણી માટે આધારકાર્ડ જરૂરી નથી

નવી દિલ્હી,તા. ૨૮ : કેન્દ્ર સરકારે રજિસ્ટ્રાર જનરલના કાર્યાલયને દેશમાં જન્મ અને મૃત્યુના રજિસ્ટ્રેશન વખતે આધાર પ્રમાણીકરણ કરવાની મંજૂરી આપી દીધી છે. જો કે આવા રજિસ્ટ્રેશન માટે આધાર જરૂરી નહીં હોય. ૨૭ જૂનના રોજ પ્રકાશિત એક નોટિફિકેશનમાં કહેવાયું છે કે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આરજીઆઈ કાર્યાલયને જન્મ અને મૃત્યુના રજિસ્ટ્રેશન દરમિયાન પ્રદાન કરાયેલી ઓળખ વિગતોને પ્રમાણિત કરવા માટે આધાર ડેટાબેસના ઉપયોગની મંજૂરી આપી દીધી છે.

જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૬૯માં કહેવાયું છે કે નિયુક્ત રજિસ્ટ્રારને રિપોર્ટિંગ ફોર્મ જન્મ કે મૃત્યુમાં માંગવામાં આવેલી અન્ય વિગતોની સાથે એકત્ર કરાયેલા આધાર નંબરના સત્યાપન માટે સ્વૈચ્છિક આધાર પર હા કે નહીં આધાર પ્રમાણીકરણ કરવાની મંજૂરી આપવામાં આવશે.

## અમદાવાદમાં અત્યારથી જ વર્લ્ડકપ ફિવર હોટલનાં રૂમનું ભાડુ રૂા.૫૦ હજાર થઈ ગયું

અમદાવાદ તા.૨૮ :

આગામી ઓકટોબરમાં રમાનારા વન-ડે ક્રિકેટ વર્લ્ડકપનો કાર્યક્રમ જાહેર થતાની સાથે જ અમદાવાદમાં હોટલ ભાડા આસમાને પહોંચી ગયા છે. ફાઈવસ્ટાર હોટલના રૂમનો ભાવ રૂા.૫૦૦૦૦ થઈ ગયો છે. ૧૫ ઓક્ટોબર જેવા દિવસોના વિમાની ભાડા પણ રેકોર્ડસ્તરે પહોંચવાની સંભાવના છે. આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપને આડે હવે માત્ર ૧૦૦ દિવસ બાકી છે ત્યારે તેનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે. માત્ર ભારત જ નહી. વિશ્વભરના ક્રિકેટ ચાહકોમાં રોમાંચ-ઉત્સાહ સર્જાયો છે.

ભારત-પાકિસ્તાન વચ્ચેનો હાઈવોલ્ટેજ જંગ, ફાઈનલ સહિત પાંચ મેચો અમદાવાદમાં રમાવાનું જાહેર થતાની સાથે હોટલ ભાડામાં રાતોરાત વધારો થઈ ગયો છે. સૂત્રોએ કહ્યું કે હોટલોમાં એડવાન્સ બુકીંગ માટે રાતોરાત જોરદાર ઈન્કવાયરી શરૂ થતા ભાડા વધી ગયા છે. ફાઈવસ્ટાર હોટલમાં બેઝ કેટેગરીના રૂમનુ ભાડુ રૂા.૫૦૦૦૦ પર પહોંચ્યું છે. વન-ડે ક્રિકેટ વર્લ્ડકપ પાંચ ઓકટોબરથી ૧૯ નવેમ્બર સુધી ભારતમાં રમાવાનો છે. પ્રથમ અને આખરી મેચ અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં રમાનાર છે. ૧૫ ઓકટોબરે ભારત-પાકિસ્તાનનો મેચ પણ અમદાવાદમાં રમાવાનો છે. સૂત્રોએ કહ્યું કે ૧૩થી૧૬ ઓક્ટોબર માટે હોટલ બુકીંગની ખૂબ મોટી ઈન્કવાયરી છે. આ દિવસોમાં મોટાભાગે રૂમ બુક થઈ ગયા છે.

## આવતીકાલથી રાહુલ ગાંધી હિંસાગ્રસ્ત મણીપુરની બે દિવસની મુલાકાતે જશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૮

મણીપુરમાં છેલ્લા બે માસથી હિંસા અને ૧૨૦થી વધુ લોકોના મોત થયા વ્યાપક રીતે જે લોકો બેઘર બન્યા છે તેમાં મોદી સરકારની નિષ્ફળતા અંગે અનેક વખત આકરી ભાષાનો પ્રયોગ કરી ચૂકેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા આવતીકાલથી બે દિવસના મણીપુર પ્રવાસે જઈ રહયા છે.

હાલમાંજ કેન્દ્ર સરકારે મણીપુર અંગે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી પણ તમો વિપક્ષોએ રાજય સરકારને બરતરફ કરીને કેન્દ્ર જ રાષ્ટ્રપતિ શાસન મારફત રાજયમાં હિંસા પર કાબુ કરવાની માંગણી કરી હતી પણ સરકારે તેના પર કોઈ પ્રતિભાવ આપ્યો નથી. આ વચ્ચે રાહુલ ગાંધી હવે બે દિવસ ઈમ્ફાલ તથા આસપાસના હિંસાગ્રસ્ત ક્ષેત્રોની મુલાકાત લેશે અને રાહત છાવણીમાં જશે.

રાહુલ ગાંધીનો આ નિર્ણય કેન્દ્રની મોદી સરકાર માટે સંકોચભર્યો સાબીત થઈ શકે છે. વિપક્ષો માંગ કરી રહ્યા છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણીપુર જઈને સ્થિતિની સમીક્ષા કરે અગાઉ ગૃહમંત્રી અમીત શાહે ત્રણ દિવસ મણીપુરમાં કેમ્પ કર્યો હતો અને વહીવટીતંત્રમાં કેટલાક ફેરફાર કરીને ખાસ અધિકારીઓને જવાબદારી સોપી હતી પણ છતા રાજયમાં પરીસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો નથી.

## ભારતીય સૈન્યનાં જવાનો સામે હવે તિબેટનાં જવાનો તૈનાત : ચીનની નવી ચાલ

જમ્મુ તા. ૨૮

લદાખમાં ચીન સાથેની એલએસી અને અરુણાચલ પ્રદેશની સરહદે ભારતીય સૈનિકોની સામે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) તરફથી હવે તિબેટિયન સૈનિકો ઊભેલા દેખાઈ રહ્યા છે. ઊંચાઈએ આવેલી સરહદ પર ભારતીય સૈનિકો સામે બાથ ભીડવામાં ચીનના સૈનિકોને અનેક પડકારો ઝિલવા પડી રહ્યા હતા. ૨૦૨૦માં ભારત સાથે થયેલા સંઘર્ષમાં ચીને ભારતીય સૈનિકોની આક્રમકતા અને પર્વતો પર લડવાની ક્ષમતા જોઈ હતી. આ જ કારણે ચીને તેના કબજાવાળા તિબેટના નાગરિકોને સેનામાં સામેલ કરવાનું શરૂ કર્યું હતું. સૂત્રો અનુસાર પર્વતીય વિસ્તારોમાં લાંબા સમય માટે સૈનિકોને તહેનાત કરવા માટે ચીને તિબેટના દરેક પરિવારથી ઓછામાં ઓછી એક વ્યક્તિને સૈન્યમાં ભરતી કરવાની નીતિ બનાવી છે.

## યુનિફોર્મ સિવિલ કોડ મુદે આજે મુસ્લીમ પર્સનલ લો બોર્ડની તાકીદની બેઠક

નવી દિલ્હી તા. ૨૮

યુનિફોર્મ સિવિલ કોડને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન બાદ, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની આજે ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં બોર્ડના પ્રમુખ સૈફુલ્લાહ રહેમાની, અસદુદીન ઓવૈસી, મૌલાના અરશદ મદની, મૌલાના ખાલિદ રશીદ હાજર રહ્યાં છે


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫ર વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫



ફ્રી ડેમો... ફ્રી ડેમો.. ફ્રી ડેમો.. ફ્રી ડેમો..



Strive for Success
સહયોગ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સંચાલીત
**સહયોગ કોચિંગ સેન્ટર**
સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી
તાલીમ વર્ગ-૨ અને વર્ગ-૩ માટે
**પોલીસ ભરતી પરીક્ષા બેચ**

જૂનાગઢમાં સૌ પ્રથમવાર ભાઈઓ / બહેનો માટે રહેવા-જમવા તથા લાઈબ્રેરીની સુવિધા સાથેનું પ્રથમ આધુનિક કોચીંગ સેન્ટર

આ વર્ષની પ્રથમ બેચ આધુનિક 'રેસીડેન્સીયલ' સુવિધાઓ સાથે

325+ જગ્યાઓ માટે — PSI - ASI — ફિઝિકલ + પ્રિલીમ + મેઇન્સ
8000+ જગ્યાઓ માટે — કોન્સ્ટેબલ — ફિઝિકલ + મેઇન્સ
6000+ જગ્યાઓ માટે — GSSSB કલાર્ક — પ્રિલીમ + મેઇન્સ

- કવોલીફાઇડ અને અનુભવી ફેકલ્ટીઝ
- સ્માર્ટ કલાસરૂમ
- ફ્રી વાઇફાઇ સુવિધા, કોમ્પ્યુટર લેબ
- CCTV થી સુસજ્જ બિલ્ડીંગ
- નવી પરીક્ષા પધ્ધતીથી સંપૂર્ણ તાલીમ
- રીટાયર્ડ આર્મીમેન દ્વારા ગ્રાઉન્ડ તાલીમ
- પરિણામલક્ષી તૈયારી
- સંપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ

ડેમો લેકચર માટે રજીસ્ટ્રેશન નં. : ૯૦૯૯૮૧૧૫૭૬
હોસ્ટેલ અને કલાસ પ્રવેશ માટે રજીસ્ટ્રેશન નં. : ૯૭૨૭૬ ૮૯૪૧૮

ભાઈઓ - બહેનો માટે અલગ હોસ્ટેલની સુવિધા.

યશ સ્કુલની બાજુમાં, ડાયમંડ નગર, ગોપાલ નગર પાછળ, શાંતેશ્વર મંદિર પાસે, જોષીપરા, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

સંપર્ક : ડૉ. જયંતિભાઈ માકડીયા મો. ૯૯૨૫૮ ૨૯૬૬૬
દેવેનભાઈ વાણવી મો. ૯૯૦૯૫ ૭૭૬૦૦
જગદિશભાઈ ચુડાસમા મો. ૮૩૦૬૬ ૬૬૬૮૩
દિવ્યેશભાઈ રાઠોડ મો. ૯૦૯૯૮ ૧૧૫૭૬
ખુશબુ મગરા મો. ૯૮૭૯૯ ૧૮૭૭૮
કિષ્ના રાવલીયા મો. ૯૭૨૭૬ ૮૯૪૧૮

તા. ૧-૭-૨૦૨૩ શનિવારથી ૪-૭-૨૦૨૩ મંગળવાર સુધી. સમય : બપોર ૨.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી






વ્યાપારીક પુછપરછ સંપર્ક: 9879104121

## વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર

# રાજ્યમાં ૪૯ તાલુકામાં મેઘરાજા મનમુકીને વરસ્યા

## સુરતમાં એક મહિના પહેલા જ કરોડોનાં ખર્ચે બનેલ અંડરપાસ માટે બનાવેલી ડ્રેનેજ લાઈનમાં ભુવો પડતા કોન્ટ્રાક્ટરની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ૪૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સવારે ૬ થી ૨ વાગ્યા સુધીમાં ૪૯ તાલુકામાં મેઘમહેર થઈ છે. નવસારી, મુંદ્રા, ચીખલી, ખેરગામ, ધરમપુર, મહુવા, પારડી, વલસાડ, વાલોડ, નંત્રંગ, ગણદેવી, સોનગઢ, વ્યારામાં સવા બે ઈંચથી પોણા બે ઈંચ વરસાદ થવા પામ્યો છે. જ્યારે ધોરાજીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો છે. તેમજ કડાણામાં ૧ ઈંચ અને લાઠીમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે.

બોટાદ શહેરનાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. ત્યારે શહેરનાં પાળીયાદ રોડપર પાણી ભરાયા હતા. જ્યારે મહિલા કોલેજપાસે વરસાદી પાણી ભરાયા હતા. જેથી રસ્તા પરથી પસાર થતી મહિલાઓને ભારે તકલીફ ભોગવવી પડી હતી. ત્યારે બપોર બાદ શહેર સહિત જીલ્લામાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

બોટાદ જીલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક દિવસનાં વિરામ બાદ મેઘરાજાનું ફરી આગમન થયું છે. જેમાં બોટાદ, રાણપુર, ગઢસા, ઢસા સહિતનાં તાલુકા પંથકમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાખણકા, ઈશ્વરીયા, ખોપાળા, પાળીયાદ, તરઘરા, ઉગામેડી સહિતનાં ગામોમાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. વાવાણી લાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી જવા પામી હતી. વલસાડની ધરમપુર નગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી પર સવાલ ઉભા થયા છે. જેમાં પ્રથમ વરસાદમાં પણ ધરમપુરમાં પાણી ભરાયા હતા. નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાઈ જતા લોકોને આવવા જવામાં ભારે તકલીફ પડી હતી. સ્ટેટ હોસ્પિટલ સામેનાં રસ્તા પર પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારીઓની મુશ્કેલીમાં વધારો થયો હતો.

અમરેલીનાં ધારી અને બગસરા પંથકમાં વરસાદ પડ્યો હતો. સતત ચોથા દિવસે બગસરામાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. ચોથા દિવસે પણ મેઘ મહેરનાં કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડતાં પાણી ભરાયા હતા. ત્યારે ગ્રામ્ય વિસ્તાર ડેરી પીંપરીયા, માવજીંજવા, હડાળા, બાલાપુર સહિતનાં ગામોમાં વરસાદ પડતા ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા હતા. સુરત જીલ્લાનાં મહુવા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તાર કરચેલિયા, વલવાડા, મહુવરીયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગે ૪ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. સુરતમાં મહાનગર પાલિકાની વધુ એક બેદરકારી સામે આવી છે. જેમાં કડોદરામાં એક મહિનાં પહેલા બનાવવામાં આવેલ અંડરપાસમાં ભૂવો પડ્યો છે. ત્યારે અંડરપાસ માટે બનાવેલી ડ્રેનેજ ગટર લાઈનમાં ભુવો પડ્યો છે. હજુ એક મહિના પહેલા કડોદરામાં અંડરપાસ બનાવવામાં આવ્યો હતો. ૧૧૦ કરોડનાં ખર્ચે બનાવવામાં આવેલ અંડરપાસમાં એક મહિનાં પહેલા જ ભુવો પડતા કોન્ટ્રાક્ટરે કરેલી કામગીરી પર અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

## પ્રધાનમંત્રીના સમૃદ્ધ કૃષિ, સમૃધ્ધ કૃષકનું સ્વપ્ન બાગાયતી ખેતી દ્વારા ખેડૂતોને વાવણીથી-વેચાણ સુધી સમૃદ્ધ-પોષક બની રહ્યું છે

### બાગાયત વિભાગની પ્લગ નર્સરી યોજના અન્વયે રોપા ઉછેર કરી વર્ષે ૬ લાખથી વધુનો નફો મેળવતા સરકારનો આભાર વ્યક્ત કરતા રાજકોટ જિલ્લાના ખેડૂત અરવિંદભાઈ નંદાણી






(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વાવણીથી વેચાણ સુધી અનેક યોજનાઓનો લાભ આપી સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના ખેડૂતો માટે વાવણી સમયે બીજ, ખાતર, પાક રક્ષણ અને સંવર્ધન, વેચાણ, તેના સંગ્રહ વગેરે માટે વિવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી છે. રાજ્યમાં બ, જેમાં બાગાયતી ખેતી પણ અગત્યની પુરવાર થઈ રહી છે. બાગાયત વિભાગની રાજયસરકારની વેજીટેબલ પ્લગ નર્સરી અને ફ્રુટ નર્સરી યોજનાનો રાજકોટ જિલ્લામાં ઘણા ખેડૂતો લાભ લઈ રહ્યા છે. રાજકોટમાં બેડી ગામે નિલકંઠ નર્સરી નામે વેજીટેબલ પ્લગ નર્સરી ચલાવતા અરવિંદભાઈ નંદાણી જણાવે છે કે, આ યોજનામાં અમે શાકભાજીના રોપા તૈયાર કરીએ છીએ. સામાન્ય રીતે ખેડૂત કોઈ પણ બીજનું ખેતરમાં વાવેતર કરે તેમાંથી કેટલા અંશે રોપા ખીલશે તેનું કોઈ ચોક્કસ માપ હોતું નથી, ત્યારે પ્લગ નર્સરીમાં ખાસ શીટમાં નાના રોપા તૈયાર કરી આપવામાં આવે છે. ખેડૂતોએ આ તૈયાર રોપા પોતાના ખેતરમાં વાવી તેને ખાતર અને પિયત જ આપવાનું રહે છે. તૈયાર રોપા વાવવાથી ખેડૂતોને બિયારણ નિષ્ફળ જવાની ભીતિ પણ રહેતી નથી અને ખૂબ ટૂંકા સમયમાં રોપા ઉપર પાક એટલે કે શાકભાજી આવવા લાગે છે. આમ તૈયાર રોપાથી ખેડૂતોને ટૂંકા સમયમાં પાક મળી રહે છે જેનું તેઓ વેચાણ કરી સારો બજાર ભાવ મેળવી શકે છે. હાલ અમારી નર્સરીમાં અમે કોબી, ફલાવર, મરચી, ટમેટી, રીંગણ અને ફૂલમાં ગલગોટાના રોપાનું વાવેતર કરીએ છીએ.

અરવિંદભાઈએ પ્લગ નર્સરી વિષે વધુમાં જણાવ્યું હતું કે, રોપા માટે એક મહિનાની સાયકલ હોય છે, જેમાં રોપા તૈયાર થઈ જાય છે. ગત વર્ષે તેઓએ ૩૫ લાખ જેટલા રોપા તૈયાર કરી વેચેલ છે. જેમાંથી તેમને ગત વર્ષે પાંચ થી છ લાખ જેટલા રૂપિયાની આવક થઈ છે. આ વર્ષે હાલ સુધીમાં ૯ લાખ જેટલા રોપાનુ વેચાણ થઈ ચૂક્યું છે. વર્ષ દરમ્યાનમાં રોપાની આવી ૪ સાયકલ કરવામાં આવે છે. ફેબ્રુઆરી થી જૂન તેમજ ઓક્ટોબરથી નવેમ્બર માસમાં આ રોપાનો ઉછેર અને વેચાણ થાય છે. રોપા માટે ખેડૂતની માંગ મુજબ સુધારેલ અને દેશી બિયારણ બિયારણની જાતોનો ઉપયોગ કરવામાં આવે છે. હાલ અરવિંદભાઈના ૮ એકરના નેટ હાઉસમાં આ રોપાનો ઉછેર કરવામાં આવે છે. આ નેટ હાઉસ તેમજ પ્લગ નર્સરી માટે સ્ટેન્ડ, તેના પ્લેટ અને અન્ય જરૂરી સાધન સામગ્રી વેજીટેબલ પ્લગ નર્સરી યોજના અંતર્ગત જ તેમને મળેલ છે. અરવિંદભાઈએ આ યોજના હેઠળ મળતા લાભ બદલ સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, પ્લગ નર્સરી માટે મને થયેલ ખર્ચમાં સરકારની સહાય મળતા રૂા.૭ લાખથી વધુની રકમ મને પરત સબસીડી હેઠળ મારા બેંકના ખાતામાં મળી ગયા હતા.

સાથે જ સૌ અધિકારીઓનું માર્ગદર્શન ખૂબ સારૂ મળી રહ્યું હોવાથી આજે આસપાસના અનેક ખેડૂતો અમારી નર્સરીના તૈયાર કરેલા રોપાનું વાવેતર કરે છે. સરકારની આ યોજનાથી મારી નર્સરી માટે મને ખૂબ મદદ મળી છે, આ માટે હું મુખ્યમંત્રીનો ખૂબ આભારી છું. સરકાર દ્વારા આ યોજનામાં સામાન્ય જાતિના ખેડૂતને કુલ ખર્ચના ૬૫ ટકા અને અનુસૂચિત જાતિના ખેડૂતને ૭૫% સહાય આપી સ્ટ્રક્ચર ઊભું કરવા માટે મદદ કરવામાં આવે છે. આ માટે ખેડૂત પાસે ઓછામાં ઓછી ૨૦૦ ચોરસ મીટરથી મહત્તમ ૫૦૦ ચોરસમીટર એટલે કે બે ગુઠાથી પાંચ ગુઠાની જમીન હોવી જરૂરી છે. આ માટે ખેડૂતે પોતાની જમીનના ૭-૧૨ અને ૮-અ કાગળો સાથે ઓનલાઈન અરજી કરવાની હોય છે. ત્યારબાદ સરકાર દ્વારા નિયત કરેલ સ્ટ્રક્ચર બનાવનાર કંપની ડિઝાઈન અને ક્વોટેશન આપે છે સાથે જ ખેડૂત તેની સાથે એમ.ઓ.યુ કરે છે જે પણ ઓનલાઈન અરજીમાં ત્યારબાદ જોડવાનું રહે છે. મંજૂરી મળતા ખેડૂતે કંપની સાથે રહી નર્સરી માટેનું સ્ટ્રક્ચર તૈયાર કરવાનું રહે છે, રોપા માટે બિયારણ કઈ કંપનીના વાપરવા તે ખેડૂત નક્કી કરે છે. વાર્ષિક ૬ લાખથી વધુના લાભ અને ૫૦ થી ૬૦ લાખ રોપા ઉછેર કરવાના લક્ષ્ય સાથે અરવિંદભાઈ આ વ્યવસાયમા આગળ વધી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં ખેડૂત સમૃદ્ધિના માર્ગે નવતર પ્રયોગ સાથે આગે કદમ કરી રહ્યો છે, તે બાબત આપોઆપ પુરવાર થાય છે.

## મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે ૮ મહાનગરપાલિકાઓ-૧૨ નગરપાલિકાઓમાં ૬૭૪ કરોડ રૂપિયાના કુલ ૫૯૪ કામો મંજૂર કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તારમાં ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના ૨૪ કરોડ રૂપિયાના વધુ ૩ કામોને મંજૂરી આપી : આઉટગ્રોથ વિસ્તારમાં વસતા નાગરિકોને રસ્તા-પાણી-સ્ટ્રીટ લાઈટ-ડ્રેનેજની પ્રાથમિક જરૂરિયાતની સુવિધાના કામોનો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો તરીકે સમાવેશ કરાયો છે

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારમાં વસતા નાગરિકોનું ઈઝ ઓફ લીવીંગ વધારવાની નેમ સાથે પ્રાથમિક જરૂરિયાતના ૫૯૪ કામો માટે અત્યાર સુધીમાં ૬૭૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આ વિકાસ કામો અંતર્ગત આઉટગ્રોથ વિસ્તારોમાં રોડ-રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટ અને ડ્રેનેજ સુવિધાના કામો હાથ ધરવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં-૯૩, વડોદરામાં-૮૦, સુરતમાં-૧૩૪, રાજકોટમાં-૧૪, ભાવનગરમાં-૫૨, જામનગરમાં-૨, જૂનાગઢમાં-૯ અને ગાંધીનગરમાં-૩ એમ ૮ મહાનગરોના આઉટગ્રોથ વિસ્તારોમાં કુલ ૩૮૭ કામો માટે ૬૨૯ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે. આ કામો અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તાર વિકાસના ૩ કામો માટે ૨૪.૩૨ કરોડ રૂપિયાના કામો માટે તાજેતરમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ વિકાસ કામોમાં રાજકોટ મહાનગરના વોર્ડ નં. ૧ માં તથા વોર્ડ નં. ૧૧ માં નવા ભળેલા મોટા મૌવા વિસ્તારમાં ડી.આઈ. પાઈપલાઈનના નેટવર્કના કામોનો સમાવેશ થાય છે. રાજકોટ મહાનગરપાલિકાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફતે રજૂ કરેલી આ અંગેની દરખાસ્તને તેમણે સૈદ્ધાંતિક અનૂમતિ આપી છે. મુખ્યમંત્રીએ મહાનગરો સાથે ૧૨ જેટલી નગરપાલિકાઓમાં પણ આઉટગ્રોથ વિસ્તારના કુલ ૨૦૭ વિકાસ કામો માટે અત્યાર સુધીમાં એટલે કે પાછલા બે વર્ષમાં કુલ ૪૪.૫૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તદઅનુસાર, ભુજ, દ્વારકા, ગોંડલ, અમરેલી, વેરાવળ-પાટણ, માંડવી-કચ્છ, અંજાર, રાપર, પાલનપૂર, માળિયા-મિયાણા, જેતપૂર-નવાગઢ તથા સાવરકુંડલા નગરપાલિકાઓને આ રકમ આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામોના હેતુસર ફાળવવામાં આવેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત રાજ્યની સ્થાપનાની સ્વર્ણિમ જયંતિ ઉજવણી વર્ષ ૨૦૧૦ માં આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના નગરો-મહાનગરોના આયોજનબદ્ધ સર્વગ્રાહી વિકાસની ભાવના સાથે શરૂ કરાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વર્તમાન રાજ્ય સરકારે નગર સુખાકારીના વિકાસ કામોને ગતિ આપતી આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને આ વર્ષના બજેટમાં રૂા.૮૦૮૬ કરોડની જોગવાઈ સાથે ૨૦૨૪ સુધી લંબાવી છે.

## શું કેન્દ્રીય બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીશના રેકર્ડ ઉપર દેવભૂમિ દ્વારકા જિલ્લો નથી ?



MINISTRY OF FINANCE

(Department of Revenue)

(CENTRAL BOARD OF INDIRECT TAXES AND CUSTOMS)

NOTIFICATION

New Delhi, the 27th June, 2023

No. 17/2023–CENTRAL TAX

G.S.R. 460(E).—In exercise of the powers conferred by sub-section (6) of section 39 of the Central Goods and Services Tax Act, 2017 (12 of 2017), the Commissioner, on the recommendations of the Council, hereby extends the due date for furnishing the return in FORM GSTR-3B for the month of May, 2023 till the thirtieth day of June, 2023, for the registered persons whose principal place of business is in the the districts of Kutch, Jamnagar, Morbi, Patan and Banaskantha in the state of Gujarat and are required to furnish return under sub-section (1) of section 39 read with clause (i) of sub-rule (1) of rule 61 of the Central Goods and Services Tax Rules, 2017.

2. This notification shall be deemed to have come into force with effect from the 20th day of June, 2023.

[F. No. CBIC-20006/16/2023-GST]

ALOK KUMAR, Director

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા.૨૮

પ્રજા પાસેથી સિધ્ધો કર જી.એસ.ટી. વસુલ કરતા કેન્દ્ર, રાજ્યસરકારના કેન્દ્રીય ડાયરેક્ટ ટેક્ષીશ બોર્ડ દ્વારા ગત પખવાડીયામાં સૌરાષ્ટ્રમાં આવેલ કુદરતી આફત સમાનના બીપરજોય વાવાઝોડાના કારણે અસરગ્રસ્ત થયેલા જિલ્લાઓ કચ્છ, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠાને મે ૨૩ના જી.એસ.ટી.આર.૩બી. ભરવાની મુદતમાં વધારો કરી ૩૦ જૂન ૨૩ કરી આપતું નોટીશિફિકેશન ગઈકાલ તારીખ ૨૭-૬-૨૩ના બહાર પાડવામાં આવેલ છે. હકીકતમાં આ વાવાઝોડું આઈ.એમ.ડી. (ઈન્ડિયન મેટ્રોલોજિકલ ડીપાર્ટમેન્ટ) હવામાન ખાતાના અનુમાનો મુજબ સંભવિત રીતે દેવભૂમિ દ્વારકા જિલ્લા ઉપર લેન્ડફલો થનાર હોય કેન્દ્રથી લઈ રાજ્ય સરકારના તંત્રની ટીમો અને મંત્રીઓની ટીમ અગાઉથી સાવચેતીના પગલા અને માર્ગદર્શન અર્થે પાંચ દિવસ સુધી સતત હાજર રહી મોનીટરીંગ કરી રહેલ અને મીડીયામાં પણ દ્વારકા ઉપર મોટો ખતરો હોવાનું દર્શાવી રહેલ અને અહીં પણ આ વાવાઝોડું લેન્ડફલો ના થવા છતાં મોટું આર્થિક નુકશાન અને પી.જી.વી.સી.એલ.ના હજારો વીજ પોલ ધ્વસ્ત થયા છે અને શહેરી વિસ્તારોમાં પણ એક સપ્તાહ બાદ વીજ પુરવઠો પ્રજાને મળેલ છે અને ગ્રામ્ય વિસ્તારમાં ક્યારે મળશે તે પણ નક્કી નથી. ત્યારે જી.એસ.ટી.આર.૩ બી ભરવાની મુદતમાં કરાયેલ વધારામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સમાવેશ નથી. જે આશ્ચર્યજનક હકીકત હોવાનું જણાય છે. ત્યારે આ હકીકત પાછળ કાં તો કેન્દ્રીય ડાયરેક્ટ બોર્ડના રેકર્ડ ઉપર દેવભૂમિ દ્વારકા જિલ્લો હોવાનું નોંધાયેલ નહી હોય અને અગાઉના આ વિસ્તારનો સમાવેશ જે જામનગર જિલ્લામાં થતો તેમ માની આ નોટીશિફિકેશન બહાર પાડવામાં આવેલ હોય શકે છે અથવા રાજ્ય સરકારના આ વિભાગ દ્વારા આ જિલ્લો પણ વાવાઝોડાગ્રસ્ત થવા અંગેનો અહેવાલ સમયસર મોક્લવામાં ના આવ્યો હોવાની કે આખો આ નવો જિલ્લો કાર્યરત હોવાનું ભુલાઈ ગયું હોવાની પણ શક્યતા નાકારી શકાતી નથી. ત્યારે આ પ્રશ્ને વ્યાપારી સંગઠનો દ્વારા તાત્કાલિક રજૂઆત કરી આ નોટીશિફિકેશનનો લાભ આપવાની માંગણી વેપારીઓમાં ઉઠયાનું બહાર આવેલ છે.

## કૃષિના વાહનો માટે સહાય મેળવવા ઓનલાઈન અરજી કરવા સૂચના



(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૨૮

કૃષિ ઉત્પાદન ખેત બજારો કે અન્ય બજારમાં પહોંચાડવા માટે ખેડૂતો મોટેભાગે ટ્રેક્ટર અથવા ભાડુતી વાહનનો ઉપયોગ કરતા હોય છે. ઘણી વાર વાહન ઉપલબ્ધ ન હોય ત્યારે ખેડૂતોને મુશ્કેલી થતી હોય છે. આવા સંજોગોમાં રાજ્યના ખેડૂતો માલવાહક વાહન વસાવી શકે અને કૃષિ ઉત્પાદન પરિવહન સરળ બને તે હેતુથી ખેડૂતોને મીડીયમ સાઈઝના ગુડ્ઝ કેરેજ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની યોજના રાજયસરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી છે. ખેડૂતો "કિસાન પરિવહન યોજના" હેઠળ નાના/સીમાંત/મહિલા/અનુ. જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને કુલ ખર્ચના ૩૫% અથવા રૂા.૭૫,૦૦૦/- બે માંથી ઓછું હોય તે અને સામાન્ય/ અન્ય ખેડૂતોને કુલ ખર્ચના ૨૫% અથવા રૂા.૫૦,૦૦૦/- બે માંથી ઓછુ હોય તેની સહાય આપવામાં આવે છે. આ માટે નિયમાનુસાર એમ્પેનલ થયેલ કંપનીનું માન્ય મોડલ ખરીદવાનું રહે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ **ikhedut.gujarat.gov.in** ઉપરથી માહિતી મેળવી તા.૪-૭-૨૦૨૩ સુધીમાં જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરી શકશે, તેમજ વધુ માહિતી માટે જિલ્લા ખેતીવાડી અધિકારીનો ૦૨૮૧-૨૪૪૦૮૮૯ ઉપર સંપર્ક કરી શકાશે.

## ખંભાળિયાના આંબરડી ગામે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીની સૂચના મુજબ સ્થાનિક સ્ટાફ દ્વારા હાથ વધારવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન હેડ કોન્સ્ટેબલ જેઠાભાઈ પરમાર તથા યોગરાજસિંહ ઝાલા અને કાનાભાઈ લુણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના આંબરડી ગામના ઝાપામાં એક મંદિર પાસે બેસી અને જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા ચાર શખ્સોને પોલીસે ઝડપી લઈ, રૂપિયા ૧૬,૦૭૦ રોકડા તથા બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨૧,૫૭૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી

## અમદાવાદના પોલીસકર્મીનું હાર્ટ એટેકથી મૃત્યું થયું

અમદાવાદ, તા.૨૮

છેલ્લા કેટલાક સમયથી રાજયમાં હાર્ટ અટેકના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં વધુ એક હાર્ટ એટક બાદ મોતના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ જિલ્લાના વિરમગામમાં PSI તરીકે ફરજ બજાવતા કલ્પેશ કલાલનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. અમદાવાદમાં ચાલુ ફરજે પોલીસકર્મીનું મૃત્યુ થતાં પોલીસ બેડામાં ભારે શોક છવાઈ ગયો છે.

# ગીર સોમનાથ જીલ્લામાં ૧૪૦૧૩૨ હેક્ટરમાં આગામી ખરીફ પાકનું ચોમાસુ વાવેતર થયું

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૮

વાવાઝોડાનો વરસાદ અને પ્રિમોન્સુન વરસાદથી આશા કિરણ સાથે ઉમંગભેર ગીર સોમનાથ જીલ્લામાં આગામી ચોમાસાના ખરીફ પાક માટે આગોતરૂ વાવેતર થઈ ચુકયું છે. ગીર સોમનાથ જીલ્લા ખેતીવાડી અધિકારી હરેશભાઈ લાલવાણી અને કુલદિપસિંહ ડોડીયા જણાવે છે કે, તા.૨૩/૬/૨૦૨૩ની સ્થિતિએ સમગ્ર ગીર સોમનાથ જીલ્લામાં ૧૪૦૧૩૨ હેક્ટરમાં વાવેતર થઈ ચુકયું છે જેમાં તાલુકાવાર જોઈએ તો



ગીરગઢડામાં ૨૭૭૭૦, કોડીનાર ૨૮૫૦૦, સુત્રાપાડા ૨૦૨૯૦, તાલાળા ૧૧૧૦૦, ઉના ૩૨૨૦૦, વેરાવળ ૨૦૨૭૨ છે. સૌથી વધુ ઉનામાં અને સૌથી ઓછું વેરાવળમાં વાવેતર થયેલ છે. વાવેતરમાં મગફળી, સોયાબીન, કપાસ કિશાનોની પ્રથમ પસંદગી રહ્યા છે જેમાં મગફળી વાવેતર ગીરગઢડા ૧૧૫૦૦, કોડીનારમાં ૧૯૯૫૦, સુત્રાપાડામાં ૧૩૪૦૦, તાલાળામાં ૪૫૦૦, ઉનામાં ૧૩૦૦૦, વેરાવળ ૧૪૨૦૦ કુલ ૭૬૫૫૦ હેક્ટરમાં થયેલ છે. જયારે સોયાબીનનું ૩૦૪૩૫ હેક્ટરમાં છે જેમાં ગીરગઢડામાં ૯૮૦૦, કોડીનારમાં ૩૩૫૦, સુત્રાપાડામાં ૪૮૪૦, તલાળામાં ૫૫૦૦, ઉના ૩૦૦૦, વેરાવળમાં ૩૯૪૫ થયેલ છે અને કપાસનું વાવેતર જોઈએ તો કુલ ૧૬૬૮૦ હેક્ટરમાં થયું છે જેમાં ગીરગઢડામાં ૩૦૫૦, કોડીનારમાં ૧૫૧૦, સુત્રાપાડામાં ૧૨૦, તાલાળામાં ૦, ઉના ૧૨૦૦૦, વેરાવળમાં ૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. જીલ્લાના ત્રણ વરસ સરેરાશ વાવેતર ૧૪૮૦૦૦ હેક્ટર ડાંગર -૫, બાજરી ૭૧, મગ ૧૨૦, અડદ ૧૨૦, શાકભાજી ૩૮૯૫, ઘાસચારો ૧૧૬૧૦, હેક્ટરમાં વાવેતર થયેલ છે.

# જૂનાગઢ જીલ્લામાં ૩૩૨૮૫ લાભાર્થીઓને ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાનો મળી રહેલો લાભ

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ જિલ્લામાં ૩૩૨૮૫ લાભાર્થીઓને ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત માસિક ૧૨૫૦ની સહાય દર માસે ડીબીટી મારફતે એકાઉન્ટ બેઈઝડ પદ્ધતિથી સહાય હાલમાં ચૂકવવામાં આવી રહી છે. આધાર બેઈઝડ પેમેન્ટ પદ્ધતિથી સહાય ચુકવણી માટે દરેક લાભાર્થીના મોબાઈલ નંબર અને આધાર નંબર ફરજિયાત છે. જેથી આગામી સમયમાં સહાય મેળવવામાં મુશ્કેલી ના પડે તે હેતુથી ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ લઈ રહેલ બાકી લાભાર્થીઓએ પોતાના તાલુકાની મામલતદાર કચેરી ખાતે દિન-૭માં આધારકાર્ડ અને મોબાઈલ નંબર અપડેટ કરાવી લેવાના રહેશે. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારી, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિર ડો.સુભાષ મહિલા કોલેજ ખાતે યોજાઈ









જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિર ડો.સુભાષ મહિલા કોલેજ ખાતે યોજાઈ હતી.

આ શિબિરમાં પોકસો અવેરનેસ કેન્પેઈન અંતર્ગત એકટ ૨૦૧૨ વિષે વિધાર્થીઓને અવગત કરવામાં આવ્યા હતા.સર્વધર્મ પ્રાર્થના અને મહેમાનોના સ્વાગત બાદ મહેમાનોને શબ્દોથી આવકારી પ્રિ.ડો.બલરામ ચાવડાએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. આ શિબિરમાં સચિવ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, જૂનાગઢ સિવિલ જજ એચ.એમ. પરમાર તથા એડીશનલ જજ કુ. એમ.એમ.નવધરે તથા એડીશનલ જજ કુ. શિપ્રા શ્યાલે. પોકસો કલમ વિશે વિગતે માહિતી આપી હતી.આ શિબિરમાં એડવોકેટ ઋત્વી વાવૈયા અને એડવોકેટ વેલેન્ટીના ડીસોજાએ સવિસ્તર સરળ ભાષામાં સમજુતી આપી વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી કરી હતી. નિર્ભયા બ્રિગેડ હેઠળ તાલીમ પામેલ પ્રેમાનંદ સ્કુલની બે વિદ્યાર્થીની કુ. કાચા નિધિ અને કુ. ભટ્ટ જિયાએ પણ પ્રવચન આપી વિદ્યાર્થીનીઓને સમજ પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો.પિયુષ મર્થક અને અશોકભાઈ પરમારે જહેમત ઉઠાવી હતી. સમાજોપયોગી આવા કાર્યક્રમ યોજવા બદલ સંસ્થાના ટ્રસ્ટી જવાહરભાઈ ચાવડાએ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમની આભારવિધિ પ્રો.નયનાબહેન ગજ્જર અને કાર્યક્રમનું સંચાલન ડો.પ્રદ્યુમ્ન ખાચરે કર્યું હતું.

# જૂનાગઢમાં જાયન્ટ પીપલ્સ ફાઉન્ડેશનનો શપથવિધિ સમારોહ યોજાયો





જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ ખાતે તારીખ ૨૪/ ૬ /૨૦૨૩ ના રોજ ત્રિમૂર્તિ મંદિર ખાતે માનવ તથા જીવ દયાના હેતુથી કાર્યક્રમ યોજાયેલ જેમાં જેનું ઉદ્‌ઘાટન વાઈસ ચેરમેન અશોકભાઈ પુરોહિત તથા સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાના હસ્તે કરવામાં આવેલ હતું. સહિયર ગ્રુપના નવ નિયુક્ત પ્રમુખ શ્રીમતી નમ્રતાબેન ભાવેશભાઈ ભટ્ટે શપથ લીધા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે જાયન્ટના પ્રમુખ કૌશિકભાઈ રાવલે અને પ્રમુખ મહેન્દ્રભાઈ એમ. રાવલજે નવા વરાવેલ પ્રમુખ નમ્રતાબેન ભટ્ટ તથા અન્ય સભ્યોને શપથ લેવડાવેલા હતા. આ કાર્યક્રમમાં ગાયત્રી મંદિરના નાગભાઈ વાળા, કમલેશભાઈ પંડ્યા, સુશીલાબેન શાહ ઉપસ્થિત રહેલા હતા. ત્રિમૂર્તિ મંદિરના અધ્યતન હોલમાં સમારોહ યોજાયેલ હતો. કાર્યક્રમનું સંચાલન ધડુકભાઈ કરેલ હતું અને આભાર વિધિ ભાગ્યશ્રીબેન પરમારે કરેલ હતી.

# ઉના તાલુકાનાં સરગમ યુવા મંડળ દ્વારા વ્યસન મુકિત દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૮



ઉના સરગમ યુવક મંડળ દ્વારા તાલુક આરોગ્ય કચેરી ખાતો તા.૨૬/૬/૨૦૨૩ના રોજ વ્યસાન મુકિત અન પૂર્નઃવશન કેન્દ્ર (આરસીએ) દ્વારા વિશ્વ વ્યસાન મુકિત દિન નિમિત્તો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરગમ યુવા મંડળના વ્યસન મુકિત કેન્દ્રમાં દાખલ થયેલ લાભાર્થીઓએ તોમના અનુભવ જણાવ્યા તોમજ વ્યસન મુકિત કેન્દ્રની મળતી સુવિધા અનો કેન્દ્રના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતું કાઉન્સેલિંગ, યોગ, મેડીટેશન, દવા તેમજ ભોજન વગેરે નિઃશુલ્ક આપવામાં આવે છે અનો આ નશા મુકિત કેન્દ્ર ઉપર દાખલ થયા પછી અમે અમારા જીવનમાં નશાથી સંપૂર્ણ મુકત થઈ ગયા છીએ તેવું લાભાર્થીઓએ જણાવ્યું ત્યારબાદ સેન્ટરના પ્રોજેકટ કોર્ડીનેટર મહેશભાઈ રૂપાપરા દ્વારા વ્યસનમુકિતને લગતી એક નાની ફિલ્મ દેખાડવમાં આવી તેમજ પીપીટી દ્વારા નશા મુકિત કેન્દ્ર ઉપર આપવામાં આવતી ટ્રીટમેન્ટ તેમજ કાઉન્સોલીંગ અને નાશો છોડી દેવા માટેની તમામ થીયરીઓ પ્રસ્તુત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે તાલુકા આરોગ્ય અધિકારી ડો.વિપુલ દુમાતર ઉપસ્થિત રહેલતા તેમજ સરગમ યુવા મંડળના સંસ્થાપક વિનોદભાઈ જેઠવા તેમજ સરગમ યુવા મંડળના મંત્રી વિનોદ જેઠવા, ઉપપ્રમુખ કેશુભાઈ ભગવાનભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વ્યસન મુકિત કેન્દ્રના પ્રોજેકટ કોર્ડીનેટર મહેશભાઈ રૂપાપરાના માર્ગદર્શન હેઠળ કાઉન્સેલર જયોત્સનાબોન સોલંકી હાજર રહેલ હતા.

# આરોગ્યલક્ષી તથા આનંદલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

રાજકોટની જાણીતી સંસ્થા ફેમિના અને જેમ્સ ચિલ્ડ્રનકલબ, ઈન્ટરનેશનલ નેચરોપેથી ઓર્ગેનાઈઝેશન, આરોગ્ય ભારતી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને વી કેન ગ્રુપના સંયુકત ઉપક્રમેનવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી વિશ્વ યોગ દિવસ નિમિતે નેચરોપેથી સેમિનાર, બહેનો તથા બાળકો માટે યોગસેશન, યોગ કોમ્પિટિશન્સ, ગ્રુપ ગેમ્સ, ઝુમ્બા, ગ્રુપ યોગ ડેમોસ્ટ્રેશન અને યોગ ગરબા સાથે આનંદલક્ષી અને આરોગ્યલક્ષી કાર્યક્રમનુ અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દંપતિ એવોર્ડથી સન્માનિત પ્રાકૃતિક ચિકિત્સક, સીનીયર યોગ કોચ રાજકોટના જાણીતા ચિંતન ત્રિવેદી અને પ્રાકૃતિક ચિકિત્સક યોગ ટ્રેનર લીનાબેન ત્રિવેદી દ્વારા યોગ અને નેચરોપેથી સેશન કરવામાં આવ્યું હતું. આ પછી બહેનો માટે હાઉસી ગેમ્સ, પૂનમબેન હિન્ડોચા દ્વારા ઝુમ્બા તથા યોગ ગરબા પણ કરાવ્યા હતા. આ ઉપરાંત બાળકો માટે ડ્રોઈંગ અને વેસ્ટમાંથી બેસ્ટની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં દરેક બહેનો અને બાળકોને જેમ્સ કલબ દ્વારા વિનર્સને ઈનામો આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ ચિંતનભાઈ અને લીલાબેનને સ્મૃતિચીન વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રેસિડેન્ટ હિનાબેન પોપટ, વાઈસ પ્રેસિડેન્ટ જીતાબેન દતાણી, રૂપલબેન કકકડ, વી કેન ગ્રુપના પ્રેસિડેન્ટ ડો. પીનાબેન કોટક, અર્પન કલબ પ્રેસિડેન્ટ ડો. તૃપ્તિબેન રાજાએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળતા અપાવી હતી.

# માંગરોળનાં દરીયાકાંઠે સફાઈ અભિયાન હાથ ધરાયું









(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૮

તાજેતરમાં બિપરજોય વાવાઝોડાની અસરથી દરીયો તોફાની બન્યો હતો. સમુદ્રમાં ઉછળેલા વિશાળકાય મોજાથી પ્લાસ્ટિક તથા અન્ય કચરો તણાઈ આવતા માંગરોળના દરીયાકાંઠે મોટા પ્રમાણમાં ગંદકી ફેલાઈ હતી. ત્યારે ખારવા સમાજ-માંગરોળ, મહાવીર મચ્છીમાર સહકારી મં.લિ., દરીયાલાલ હોડી એસો. તેમજ NETFISH-MPEDAના સંયુક્ત ઉપક્રમે દરીયા કિનારાની સફાઈ હાથ ધરી અંદાજીત ૪૫ ટ્રેકટર જેટલું પ્લાસ્ટિક એકત્ર કરીને તેનો નિકાલ કરાયો હતો.

# ઉના પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૮

ઉના પોલીસ સ્ટેશનમાં તહેવારને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતું જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉનાના પીઆઈ ગોસ્વામીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમબ્રાન્ચ, ગીર સોમનાથ એસઓજી અધિકારી હાજર રહ્યા હતા. આ શાંતિ સમિતિની બેઠકમાં કાયદોવ્યવસ્થા જળવાઈ રહેવિષય ઉપર વાત કરવામાં આવી હતી જેમઉ હિન્દુ સમાજના આગેવાન મનોજભાઈ બાભણીયા, મહેશભાઈ બૈરીરા, અજય બાભણીયા, કલ્પેશભાઈ સોલંકી, રસિક ચાવડા તથા પત્રકારો પણ હાજર રહ્યા હતા. જ્યારે મુસ્લિમ સમાજના આગેવાન યુસુફભાઈ સોરઠીયા (બોલ ગુજરાત ઘાચી સમાજ પ્રમુખ), માસુમભાઈ કાસમાણી, ઈલિયાસભાઈ હોરા, હસનબાપુ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અનેઆ શાંતિ સમિતિની બેઠક અંતર્ગત પૂર્ણ કરવામાં આવી હતી.

# ઉના : પી.એચ.ડી. થયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૮



ઉનાના ગીરગઢડા મુકામે શ્રી અભિનવ વિદ્યા મંદિર શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શ્રીમતી પૂનમબેન કાંતિભાઈ ઢોલરિયાએ મેંદરડાના ડો.મહેશભાઈ પી. મહેતાના માર્ગદર્શન હેઠળ વૃધાઆશ્રમમાં રહેતા વૃધ્ધોની ખીનાતા, સામાજિક આધાર અને હતાશા વિષય ઉપર મનોવિજ્ઞાનિક વિષય ઉપર સંશોધન કરી મહાનિબંધ જૂનાગઢમાં આવેલ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રજૂ કરતા તેમના મનોવૈજ્ઞાનિક અધ્યયન વિષય ઉપર આ મહાનિબંધ માન્ય રાખી તેમને પી. એચ.ડીની ડિગ્રી આપી હતી તેમણે શાળા અને પરિવારનું ગૌરવ વધારેલ છે.

# બિપરજોય વાવાઝોડામાં દેવભૂમિ દ્વારકા જીલ્લા વહીવટી તંત્રએ કરેલી કામગીરીની માહિતી મેળવતી નેશનલ ડિઝાસ્ટર ટીમ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બિપરજોય વાવાઝોડા પૂર્વે તેમજ વાવાઝોડા દરમિયાન અને બાદમાં કરવામાં આવેલી કામગીરી વિશે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને એન.આઈ.ડી.એમની ટીમ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

બિપરજોય વાવાઝોડા સંદર્ભે રાજ્યના દરિયાકાંઠાના અસરગ્રસ્ત જિલ્લાઓમાં વાવાઝોડા પૂર્વે સ્થાનિક જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ અને રિસ્પોન્સ કામગીરી સંદર્ભે ખંભાળિયામાં જિલ્લા કલેકટર કચેરીની મુલાકાત લીધી હતી.

જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા વાવાઝોડા દરમિયાન લોકોને સાવચેત કરવા, જરૂરી કોમ્યુનિકેશન, સ્થળાંતરની કામગીરી વિવિધ સુવિધાઓ તેમજ ઝાડ પડવા સહિતના બનાવમાં ઝડપી રિસ્ટોરેશન વીજ સેવાનું રિસ્ટોરેશન, એનજીઓની ભૂમિકા, મીડિયાના માધ્યમથી લોકોને જાગૃત કરવાની કામગીરી, તકેદારી પગલાં ઉપરાંત પોલીસ, રેવન્યુ, પંચાયત, પાલિકા, પોર્ટ ફીશરીઝ કોસ્ટગાર્ડ, નેવી, એસ.ડી. આર.એફ. સહિત એજન્સીઓ સાથે સંકલન કરી કરવામાં આવેલી કામગીરીની વિગતો આપવામાં આવી હતી.

આ મિટિંગમાં એન.આઈ.ડી.એમ.ના વિમલ તિવારી, હરીહરા કુમાર, નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણિયા તેમજ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી વિશેષ તૈયારીઓની પણ માહિતી આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વૈવાહિક જીવનમાં મહિલાઓની સુરક્ષાનાં કાયદાનો થતો દુરૂપયોગ

ગત દિવસોમાં કર્ણાટક હાઈકોર્ટે પતિ અને પરિવાર વિરૂધ્ધ એક મહિલા દ્વારા લગાવવામાં આવેલ આરોપો પર રોક લગાવવાનો વચગાળાનો આદેશ પસાર કર્યો. પ્રેમ, ચાર વર્ષ સુધી એકબીજા સાથે હળવા મળવા અને પછી વૈવાહિક બંધનમાં બંધાવાના આ મામલે મહિલાએ લગ્નના બીજા જ દિવસે પતિ પર દુષ્કર્મનો આરોપ લગાવી દીધો. વૈવાહિક સંબંધમાં માત્ર એક જ દિવસ સાથે રહ્યા બાદ મહિલા તરફથી દાખલ કરવામાં આવેલ ફરિયાદ પર ન્યાયાલયે પતિ અને તેના સ્વજનો વિરૂધ્ધ અપરાધિક પ્રક્રિયા પર રોક લગાવતાં તેને કાયદાના દુરૂપયોગનું સૌથી સારું ઉદાહરણ ગણાવ્યું. ઉલ્લેખનીય છે કે પત્ની દ્વારા પતિ પર દુષ્કર્મનો આરોપ લગાવવા અને સાસરી પક્ષના લોકોને પણ આ મામલે ઘસડવાની દાનતથી કરાયેલા ફરિયાદને પડકારતાં પતિ અને તેના સ્વજનોએ કર્ણાટક હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો.

એ કડવું સત્ય છે કે વૈવાહિક જીવનમાં મહિલાઓની સુરક્ષા અને સન્માનને સંબંધિત કાયદાઓનો દુરુપયોગ વધી રહ્યો છે. વિચારવા જેવી વાત છે કે હવે સમજી-વિચારેલી યોજના અનુસાર આ કામ થવા લાગ્યું છે. સામાન્ય પરિવાર હવે યુવા પેઢીના વૈવાહિક સંબંધોને લઈને થોડા ડરવા લાગ્યા છે. બાળકોના લગ્ન જીવનમાં સહજ નિર્વાહની ચિંતા વડીલોને હંમેશાં રહેતી હોય છે. એટલું જ નહીં, વિના કારણની તકરારો અને અલગાવ પેદા થવાને લઈને પણ દરેક પળે આશંકિત રહે છે. જીવનભર સાથ માટે બનેલા સંબંધોને અનિશ્ચિતતા અને અવિશ્વાસ ઘેરતો જાય છે. કેટલાય મામલે તો સ્પષ્ટ રૂપે કાયદાના દુરુપયોગનું ઉદાહરણ બનીને પરિવાર અને સમાજના લોકોને હેરાન-પરેશાન કરવા લાગે છે.

કર્ણાટકના આ કિસ્સામાં ન્યાયાલયને પણ આશ્ચર્ય થયું. આ જ કારણ છે કે કોર્ટે આ કેસને કાયદાના દુરુપયોગનું દષ્ટાંત ગણાવી દીધું છે. વસ્તુતઃ વૈવાહિક દુષ્કર્મ, દહેજની માંગ અને ઘરેલુ હિંસા જેવા કાયદા વિવાહિત સ્ત્રીઓને શોષણથી બચાવવા માટે અસ્તિત્વમાં આવ્યા હતા. તેમનું સન્માન રાખવાના ઉદ્દેશ્યથી આ કઠોર કાયદા લાવવામાં આવ્યા હતા. આ સખ્તાઈ જરૂરી પણ હતી, કારણ કે મોટી સંખ્યામાં મહિલાઓ પોતાના શોષણ અને હિંસાનો શિકાર થતી હોય છે. દહેજ અને ઘરેલુ હિંસા કાયદાની સખ્તાઈને કારણે એવા કેસોના આંકડામાં આવેલ ઘટાડો એ વાતની પુષ્ટિ પણ કરે છે. પરંતુ હવે સંબંધોને ગૂંચવતી ગાંઠો આ કાયદાના દુરૂપયોગને વધારી રહી છે. ક્યારેક અહમ્‌ની સંતુષ્ટિ તો ક્યારેક પોતાના કે કાનૂની સલાહકારોની ઉશ્કેરણીથી. આવા સમજી-વિચારીને કરેલા કરતૂતોની તપાસમાં મોટાભાગે આરોપો નિરાધાર સાબિત થાય છે. હવે વૈવાહિક સંબંધોમાં પરંપરાગત માનસિકતાથી પર કેટલાય નવા પાસાં ઉમેરાઈ ગયા છે. એવામાં પતિ-પત્નીના સંબંધોમાં સમાનતાનો ભાવ આવવો જોઈએ. સતામણી કોઈપણ પક્ષના હિસ્સે શું કામ આવવી જોઈએ? કોઈ ભૂલ વગર કોઈને પણ સજા ન થવી જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મિત્ર મેળવવાનો એક જ રસ્તો છે...
પોતે જાતે કોઈના મિત્ર બની જાઓ...

- એમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૧૦, તા.૨૮ જૂન ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૯, ચિત્રા નક્ષત્ર, પરિઘ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉલ્લાસપૂર્ણ દિવસ વિતે. વિરોધીઓથી સાવધ રહેવું.
વૃષભ: મન પ્રફુલિત રહે. શુભ સમાચાર મળે.
મિથુન: દિવસ અણધાર્યો લાભ આપનારો નીવડે. મનની મુરાદ પૂરી થાય.
કર્ક: મનમાં પ્રફુલિતતા રહે. નવિન કાર્યમાં સફળતા રહે.
સિંહ: નિરાશાભર્યો દિવસ વ્યતિત થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કન્યા: નિરાશા દૂર થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો સફળ બને.
તુલા: અગત્યના કાર્યમાં અવરોધ આવે.
વૃશ્ચિક: વાણીસંયમજાળવવો હિતાવહ. આકસ્મિક પ્રવાસ થાય.
ધન: આર્થિક સમસ્યા હળવી બને.
મકર: જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. માનસિક અશાંતિ અનુભવાય.
કુંભ: મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ વધે. મૂડિરોકાણ ન કરવું હિતાવહ.
મીન: હિતશત્રુઓથી સાવધ રહેવું. નાણાંભીડ અનુભવાય. પ્રયત્નો એડે જતા હોય એવું લાગે.

### ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહઃ ૨૦૨૩

# રાજ્યના શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને નાણા મંત્રી કનુ દેસાઈના હસ્તે પારિતોષિક એનાયત કરાયા

**શ્રેષ્ઠ નિર્માતા, શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ ચલચિત્ર તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક એનાયત - રોંગ સાઈડ રાજુ, લવની ભવાઈ, રેવા અને હેલ્લારોને મળ્યો શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ**






ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર ખાતે રાજ્યના નાણા મંત્રી કનુ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને પારિતોષિક એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે યોજાયેલા સમારોહમાં નાણા મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિવિધ ૪૬ જેટલી કેટેગરીમાં આશરે ૧૮૧ કલાકાર-કસબીઓને ચલચિત્ર પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની માહિતી નિયામકની કચેરી દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ ચલચિત્રોને પારિતોષિક અર્પણ કરવામાં આવે છે.

પારિતોષિકથી સન્માનિત થયેલા તમામ કલાકારોને શુભેચ્છાઓ પાઠવતા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતી ચલચિત્રો અને તેની સાથે સંકળાયેલા નિર્માતાઓ-કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં ફિલ્મ ઉદ્યોગને પ્રવાસન સાથે સાંકળીને મુખ્યમંત્રીએ ગત વર્ષે જ ગુજરાતની સૌપ્રથમ 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી' અમલમાં મૂકી છે. ગુજરાતી ફિલ્મો પ્રત્યે પ્રતિબદ્ધતા દાખવી રાજ્ય સરકારે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે મજબૂત ઈકો સિસ્ટમ ઉભી કરવા માટે ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રકચરનો પણ વિકાસ કર્યો છે. જેના પરિણામે આજે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માત્ર આજીવિકાનું સાધન નહિ, પણ અનેક લોકોને ફિલ્મ ઉદ્યોગ સાથે સાંકળીને રોજગારીની નવી તકો આપવા સાથે રાજ્યના પ્રવાસનને પણ વેગ આપી રહ્યું છે.

મંત્રી કનુ દેસાઈએ વધુમાં ઉમેર્યુ હતું કે, ગુજરાતમાં ફિલ્મ નિર્માણ ક્ષેત્રે રહેલી વિપુલ તકોના કારણે આજે અન્ય પ્રદેશોના ફિલ્મ નિર્માતાઓ ગુજરાત તરફ આકર્ષિત થયા છે. આ સાથે જ ગુજરાતી ફિલ્મોએ રાષ્ટ્રીય સ્તરે નેશનલ એવોર્ડ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓસ્કાર જેવા ખ્યાતનામ પુરસ્કારો સુધી પહોંચીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આવનારા સમયમાં ગુજરાતી ફિલ્મો માત્ર મનોરંજન તરીકે જ નહિ, પણ અહીની સંસ્કારી ભૂમિ પર જન્મેલા મહાનાયકોના સંઘર્ષ અને સિદ્ધિઓને પણ ફિલ્મના રૂપેરી પડદે ઉજાગર કરવા સૌ ફિલ્મ નિર્માતાઓને તેમણે આહ્વાન કર્યું હતું.

માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અવંતિકા સિંઘે કલાકારોને આવકારતા કહ્યું હતું કે, ગુજરાતી ફિલ્મોનો વ્યાપ દેશ-વિદેશમાં વધે અને ફિલ્મ નિર્માતાઓને પ્રોત્સાહન મળે તેવા નેક હેતુ સાથે રાજ્ય સરકારે ચલચિત્ર નિર્માણ પ્રોત્સાહન નીતિ ઘડી છે. ફિલ્મ ઉદ્યોગમાં નવા વિચારો, નવી ટેકનોલોજી અને નવા પરિમાણોથી રાજ્યની યુવાશક્તિ પ્રેરિત થઈને આજે ફિલ્મ નિર્માણ જેવા ક્ષેત્રે જોડાઈ રહી છે. ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ ગુજરાતનો વિકાસ અવિરત થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે એવોર્ડ પ્રાપ્ત કરનાર સૌ કલાકાર- કસબીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે માહિતી નિયામક ડી. કે. પારેખે ઉપસ્થિત રહી સૌ કલાકારોને પ્રોત્સાહિત કરતા આભારવિધિ કરી હતી. તેમણે ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન પૂરું પાડવા કલાકારો દ્વારા કરાયેલા સૂચનો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી તેના પર વિચાર-વિમર્શ બાદ અમલમાં લાવવા તૈયારી દર્શાવી હતી.

ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં સિધ્ધાર્થ રાંદેરિયા, પ્રતિક ગાંધી, જિગરદાન ગઢવી, અભિષેક શાહ, વિપુલ મહેતા, પાર્થિવ ગોહિલ અને સૌમ્ય જોશી સહિતના ખ્યાતિ પ્રાપ્ત ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક અને કલાકાર-કસબીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્ય પારિતોષિક નીચે મુજબ છેઃ-

વર્ષ ૨૦૧૬-૧૭:-
શ્રેષ્ઠ ફિલ્મ - સિનેમન પ્રોડક્શન લી. - રોંગ સાઈડ રાજુ
શ્રેષ્ઠ દિગ્દર્શક - મિખીલ મુસલે - રોંગ સાઈડ રાજુ
શ્રેષ્ઠ અભિનેતા - મલ્હાર ઠાકર - થઈ જશે
શ્રેષ્ઠ અભિનેત્રી - દીક્ષા જોષી - શુભ આરંભ

વર્ષ ૨૦૧૭-૧૮:-
શ્રેષ્ઠ ફિલ્મ - અક્ષર કોમ્યુનિકેશન - લવની ભવાઈ
શ્રેષ્ઠ દિગ્દર્શક - સંદિપ પટેલ - લવની ભવાઈ
શ્રેષ્ઠ અભિનેતા - સિદ્ધાર્થ રાંદેરીયા - ગુજ્જુભાઈઃ મોસ્ટ વોન્ટેડ
શ્રેષ્ઠ અભિનેત્રી - આરોહી પટેલ - લવની ભવાઈ

વર્ષ ૨૦૧૮-૧૯: શ્રેષ્ઠ ફિલ્મ - બ્રેઈનબોકસ સ્ટુડીયોઝ - રેવા
શ્રેષ્ઠ દિગ્દર્શક - રાહુલ ભોલે, વિનીત કનોજીયા - રેવા
શ્રેષ્ઠ અભિનેતા - પ્રતિક ગાંધી - વેન્ટીલેટર
શ્રેષ્ઠ અભિનેત્રી - તિલ્લાના દેસાઈ - પાઘડી

વર્ષ ૨૦૧૯:-
શ્રેષ્ઠ ફિલ્મ - સારથી પ્રોડકશન્સ એલ.એલ.પી - હેલ્લારો
શ્રેષ્ઠ દિગ્દર્શક - અભિષેક શાહ - હેલ્લારો
શ્રેષ્ઠ અભિનેતા - સિદ્ધાર્થ રાંદેરિયા - ચાલ જીવી લઈએ
શ્રેષ્ઠ અભિનેત્રી - કુ. આરોહી પટેલ - ચાલ જીવી લઈએ.

# અમેરિકામાં જ જન્મેલા મુળ ગુજરાતી બાળકોએ કર્યુ ભારત દર્શન



### ફેડરેશન ઓફ ગુજરાતી એસોશિએશન-USAનાં ૧૫ બાળકો ભારત પ્રવાસે

અમદાવાદ,તા.૨૮

અમેરિકામાં જુદી જુદી જગ્યાએ વસતા ગુજરાતીઓને એક કરતી સંસ્થા એટલે ફેડરેશન ઓફ ગુજરાતી એસોશિએશન - **USA** (ફોગા - યુએસએ) કે જેના ૧૫ બાળકો હાલ ભારત પ્રવાસે છે. જેમાં તેમણે ભારતની શાન ગણાતો હિમાલય પર્વત પર ૧૫૦૦૦ ફીટની ઉંચાઈ પર જઈ પર્વતારોહણ કર્યુ અને સાથે જ અનેક સામાજીક કાર્યો પણ કર્યા છે.વિશ્વભરમાં ઓળખ પામેલી વિશ્વની સૌથી વિરાટ મુર્તિ સ્ટેચ્યું ઓફ યુનિટીની પણ તેમણે મુલાકાત કરી હતી. પાટણની ઐતિહાસિક રાણ કી વાવની સાથે સાથે અમદાવાદમાં **NID, IIM** અને કાંકરિયાની પણ કરી મુલાકાત કરી છે.અમેરિકામાં જ જન્મેલા અને ગુજરાત આવેલા બાળકો સાથે ખાસ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી સાથે મુલાકાત કરેલી તીસ્યા દવેએ ટીવી૯ સાથેની વાતચીતમાં જણાવ્યું કે ઝસ્એ અમેરિકામાંવસતા ગુજરાતીઓ માટે ચિંતા કરી છે.અમેરિકાના બાળકો ગુજરાતી કલ્ચર સાથે જોડાયેલા રહે તે માટે પણ પ્રયત્નો કરવાની ખાતરી આપી છે. ત્યારબાદ મુખ્યમંત્રીએ તમામને ગાંધીનગર સ્થિત ગીફ્ટ સીટીની પણ મુલાકાત કરાવી હતી.આ ઉપરાંત તેમણે નક્કી કર્યું કે આસપાસના વિસ્તારમાં જરૂરિયાત ધરાવતા બાળકોને પણ તેમના દ્વારા ભણતર માટે આર્થિક મદદ કરવામાં આવશે.ગુજરાત આવેલા પ્રવાસીઓએ ન માત્ર હર્યુ ફર્યુ પરંતુ કેટલાક જરૂરીયાત ધરાવતા બાળકોની પણ મુલાકાત લીધી હતી. ગુજરાત સ્થિત મુની આશ્રમ જયાં માનસીક રોગી અને અનેક લોકો સાથે મુલાકાત કરી, અને તેમના ભણતર માટે જાતે ફાળો એકઠો કરી તેમના ભણતર માટે પણ અનોખી પહેલ કરી છે.અમેરિકામાં જ જન્મેલા પરંતુ પોતાના માતા પિતા અથવા દાદા દાદી મૂળ ભારતના હોય તેવા બાળકો હાલ ભારત પ્રવાસે છે. ત્યારે જાહોજલાલી વચ્ચે અમેરિકામાં રહેતા બાળકોને ભારતની સાદગી અનેસાતત્યતા પસંદ આવી રહી છે. અને તેની સાથે સાથે જ સંસ્થા દ્વારા ભારતીય મૂળ લોકોને પોતાના દેશ ભારત તરફ વાળવાનો આ સુંદર પ્રયાસ છે.

# મહિલા પોલીસ કોન્સ્ટેબલે 16th IDBF વર્લ્ડ ચેમ્પિયન શીપની ફંઈનલ મંટે ભંરદીય ટીમમાં સ્થંન મેળવ્યુ

સુરત,તા.૨૮

સુરત શહેર પોલીસ મુખ્ય મથક ખાતે ફરજ બજાવતી મહિલા પોલીસ કોન્સ્ટેબલને અથાક પરિશ્રમથી રમતગમત ક્ષેત્રમાં વધુ એક સિદ્ધિ મળી છે. આ મહિલા પોલીસકર્મીએ થાઈલેન્ડ ખાતે આયોજિત ડ્રેગન બોટની વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ભારતની ટીમમાં સ્થાન મેળવ્યું છે.શહેર પોલીસ મુખ્ય મથક ખાતે ફરજ બજાવતા ૩૪ વર્ષીય મહિલા કોન્સ્ટેબલ પ્રીતિ નાનજી પટેલને પહેલેથી જ રમતગમત ક્ષેત્રમાં રુચિ છે. આ દરમિયાન પ્રીતિ પોતે સ્વીમર હોવાથી તેને ડ્રેગન બોટ સ્પર્ધા વિષે જાણકારી મળતા તેમાં પોતાની રૂચી વધારી હતી. તેઓ તાલીમ મેળવીને ડ્રેગન બોટ સ્પર્ધામાં હવે ભાગ લઈ રહ્યા છે.ગત ડીસેમ્બર મહિનામાં થાઈલેન્ડ ખાતે એશિયન ગેમ્સ અંતર્ગત આયોજિત ડ્રેગન બોટ સ્પર્ધામાં ભાગ લઈને ઉતકૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. ત્યારબાદ ઓક્ટોબરમાં થાઈલેન્ડના પટાયા રેયોન ખાતે **16th IDBF** વર્લ્ડ ચેમ્પિયન શીપ અંતર્ગત ફાઈનલ સિલેક્શનમાં તેમની પસંદગી થતાં ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે.પ્રીતિ પટેલ રાજ્યની પહેલી મહિલા કોન્સ્ટેબલ છે જેને ડ્રેગન બોટ સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શન બતાવવા માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું હોય. ચીન ખાતે ૧૯૨ એશિયન ગેમ્સમાં પણ ભાગ લેશે.પ્રીતિ પટેલે જણાવ્યું હતું કે વર્લ્ડ ચેમ્પિયન શીપ અને એશિયન ગેમ્સમાં ભારત માટે ગોલ્ડ મેડલ મેળવવાનો લક્ષ્ય છે. જેના માટે તાલીમ પણ શરુ કરી છે. આ સ્થાન સુધી પહોચવા માટે મને પોલીસ કમિશ્નર અજય કુમાર તોમર અને ડીસીપી સરોજકુમારીનું સમયાંતરે માર્ગદર્શન પણ મળતું રહ્યું છે.

# રામ મોકરિયાના રૂપિયા વિજય રૂપાણી કે વજુ વાળા કોણ લઈ ગયું? : કોંગ્રેસ

રાજકોટ,તા.૨૮

થોડા સમય પહેલા રાજ્યસભાના સાંસદ રામ મોકરીયાએ સોશિયલ મીડિયામાં એક પોસ્ટ મૂકી હતી. જેમાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ભાજપના એક સિનિયર નેતા તેને આપેલા ઉછીના રૂપિયા પરત આપી રહ્યા નથી. આર્થિક વ્યવહારોને લઈને ભાજપમાં આંતરિક જૂથવાદ સામે આવ્યો હતો. હવે આ મામલામાં કોંગ્રેસે પણ ઝંપલાવ્યું છે.કોંગ્રેસના નેતા મહેશ રાજપૂતે દાવો કર્યો છે કે, રામ મોકરીયાએ મોટી રકમ કોઈને ઉછીની આપી હોય તો તેનું રાજ્યસભાના ઉમેદવાર તરીકેના સોગંદનામામાં ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો નથી. આ મુદ્દે કોંગ્રેસે સવાલ ઉઠાવતા આ મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. જોકે આ મુદ્દે રામ મોકરીયાએ કંઈ પણ કહેવાનો ઈનકાર કર્યો હતો.મહેશ રાજપૂતે કહ્યું હતું કે જ્યારે પણ કોઈ ઉમેદવાર કોઈપણ ચૂંટણી લડતા હોય ત્યારે તેમણે મિલકતો,દેવું,રોકડ રકમ સહિતની વિગતો સોગંદનામામાં રજૂ કરવી પડે તો રામ મોકરિયાએ આ રકમ વિશે કેમ ઉલ્લેખ કર્યો નથી.આ મિલકલ કાં તો કાળું નાણું હોઈ શકે છે.મહેશ રાજપૂતે દાવો કર્યો છે કે આ મુદ્દે તેઓ ચૂંટણી પંચમાં પણ ફરિયાદ કરશે અને સભ્યપદ રદ્દ કરવામાં આવે તેવી માંગ કરશે,આ વિવાદમાં રામ મોકરિયાને રૂપિયા કોની પાસેથી લેવાના છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી ત્યારે કોંગ્રેસે કહ્યું હતું કે રાજકોટના બે નેતાઓ ગુજરાત બહાર હોદ્દો ધરાવે છે તેમાં વિજય રૂપાણી અને વજુભાઈ વાળા છે ત્યારે આ બંન્નેમાંથી કોઈ એક નેતા હોય તેવો દાવો કોંગ્રેસે કર્યો હતો.

### ગાંધીનગરના સરઢવ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોજેક્ટ રિ-લોન્ચ કર્યો

# રાજ્યના ૯૦થી વધુ ગામડાઓમાં નાગરિકોના આરોગ્ય માટે “આઓ ગાંવ ચલે” અભિયાનનો પ્રારંભ

### ગ્રામ્ય વિસ્તારોમાં પણ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ઊભી કરી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધા મળતી થઈ : સીએમ

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રાજયના ૯૦થી વધુ ગામોના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટેના “આઓ ગાંવ ચલે” પ્રોજેકટનું ગાંધીનગર જિલ્લાના સરઢવથી રિ-લોન્ચ કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગરીબ, વંચિત, પીડિત, નાનામાં નાના અને ગ્રામીણ લોકો સુધી અદ્યતન આરોગ્ય સેવાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષમાં વ્યાપકપણે વિસ્તરી છે. તેમણે જણાવ્યું કે રાજ્યમાં મેડિકલ એજયુકેશનનો પણ જે વ્યાપ વધ્યો છે અને વધુ મેડિકલ કોલેજીસ શરૂ થતાં હવે દર વર્ષે રાજ્યમાં અંદાજે સાત હજાર જેટલા ડોકટર્સઉપલબ્ધ થાય છે. એટલું જ નહીં, ગ્રામ્ય સ્તરે પણ હવે મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સની સુવિધાઓ મળતી થઈ છે અને તેના પરિણામે ગ્રામીણ કક્ષાએ અદ્યતન ઈલાજ સારવાર પણ ઉપલબ્ધ બની રહેશે.

વિશ્વની સૌથી મોટી જન આરોગ્ય રક્ષા યોજના ‘આયુષ્યમાનભારત’નું આરોગ્ય કવચ કરોડો જરૂરતમંદ લોકોને મળતું થયું છે. આ સેવાના મૂળમાં સુશાસન અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસની ભાવના છે, એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ગ્રામીણ નાગરિકોની આરોગ્ય સુખાકારીની ચિંતા કરીને “આઓ ગાંવ ચલે” પ્રોજેક્ટ દ્વારા સરકાર સાથે સહયોગ કર્યો છે, તેની સરાહના કરી હતી. "આવો ગાવ ચલે" કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુંહતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમણે ગામડાના સર્વાંગી વિકાસ માટે શહેર સમોવડી સુવિધા ગામડામાં ઊભી કરીને ગ્રામજનોના આરોગ્યની ચિંતા, શિક્ષણની ચિંતા તેમજ કન્યા કેળવણીની ચિંતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિકાસ માટે માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું જરૂરી છે. આ તમામ આરોગ્ય કેન્દ્રો ઉપર ડોક્ટર ઉપલબ્ધ થાય તે માટે રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજની સ્થાપનાના લક્ષ્યાંક સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે પુરૂષાર્થ કર્યો છે.

ગુજરાતમાં શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાની ઉપલબ્ધિને કારણે ગુજરાત મેડિકલ ટુરીઝમ ક્ષેત્રે પણ અગ્રેસર છે તેમ જણાવતા આરોગ્ય મંત્રીએ નોન કોમ્યુનિકેબલ ડિસિઝ માટે લોકજાગૃતિ માટેના રાજય સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસોની પણ માહિતી આપી હતી. આ અભિયાનમાં સમાજને ઋણ ચુકવવાનો ભાવ રહ્યો છે. આઈ.એમ.એના પૂર્વ પ્રમુખ ડો. કેતન દેસાઈએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, દેશનો આત્મા ગામડામાં છે. ગામડાઓનાકલ્યાણ વગર દેશનું કલ્યાણ કરવાની કલ્પના મુશ્કેલ છે. તેમણે ઉમેર્યુ હતું કે, વર્ષ ૧૯૯૬ સુધી શહેરી કક્ષાએ ૭૦ ટકા આરોગ્યની સેવા મળી રહી છે. ૩૦ ટકા જ આરોગ્ય સેવા ગ્રામ્ય કક્ષાએ મળે છે. આ વાતને લક્ષમાં રાખીને ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય સેવા વધુ સુદૃઢ બનાવવા માટે મેડિકલ કાઉન્સિલ દ્વારા મેડિકલ કોલેજની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર લાવવામાં આવ્યો હતો. ઈન્ડિયન મેડિકલ એસોશિએશનના મંત્રી ડો. અનિલ નાયકે જણાવ્યું હતું કે, એસોશિએશનમાં સમગ્ર દેશના ૪ લાખ ૫૦ હજાર કરતા વધુ ડોકટરો સભ્ય છે. તેમજ દેશના ૩૩ રાજયમાં ૧૭૦૦ સ્થળો ખાતે એસોશિએશન કાર્યરત છે. ગામડામાં ડોકટર જતાં નથી, તેવી ફરિયાદના ઉમદા નિરાકણના ભાગરૂપે એસોશિએશનદ્વારા “ચલો ગાંવ ચલે” કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ થકી ૧૭૦૦ શાખાઓ દ્વારા ગામોને દત્તક લેવામાં આવશે. જેના દ્વારા ગામડાઓમાં મેડિકલ સુવિધા પૂરી પાડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી ગ્રામજનો અને તબીબીના સંબંધો બંધાશે.

### વડાપ્રધાને અમેરિકાના પ્રવાસ દરમ્યાન નારી શક્તિના સામર્થ્યને ઉજાગર કર્યું : સીએમ

# સમાજના સાર્વત્રિક વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય અંગ છે : ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર, તા.૨૮

મહેસાણા જિલ્લાના નાની કડી ખાતે આયોજિત મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતની ધરતીના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએશરૂ કરેલ કન્યા કેળવણી મહોત્સવ આજે દરેક માટે પ્રેરણસ્રોત બન્યો છે. આજે દીકરીઓના ડ્રોપ આઉટ રેશિયો ૨ ટકા સુધી લાવી શક્યા છીએ તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,દેશના પ્રધાનમંત્રીએ અમેરિકાના પ્રવાસ દરમ્યાન ભારતની નારી શક્તિના સામર્થ્યને ઉજાગર કર્યું છે. મહિલા સશક્તિકરણ થકી આજે રાષ્ટ્રની મહિલાઓ દરેક ક્ષેત્રે નામના મેળવી રહી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની દિર્ઘદષ્ટિના પગલે સૌથી મોટી યોજના આયુષ્માન ભારત કાર્ડ આજે દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. સરકારની તમામ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ બની છે તેમ જણાવતા મુખ્યમંત્રી ઉમેર્યુંહતું કે,રાજ્યના વિવિધ ૪૧ સમાજની દીકરીઓ સૌના સાથ અને સહકારથી સંસ્થામાં ઉજવળ કારકિર્દીના ડગ માંડી રહી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સમાજના સાર્વત્રિક વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય અંગ છે. ૨૧મી સદીએ જ્ઞાનવિજ્ઞાનની સદી છે ત્યારે પૈસાના અભાવે કોઈપણ યુવાનનું ઉચ્ચ શિક્ષણનું સ્વપ્ન અધૂરૂં નહિ રહે એમાટે સરકાર અને સમાજ કટીબદ્ધ બન્યો છે. તેમણે જણાવ્યું હતું કે કુલ વસ્તીના ૪૮ ટકા નારી શક્તિના વિકાસ માટે કન્યા કેળવણી મહોત્સવ, નોકરીઓમાં ૩૩ ટકા અનામત સહિત નારી શકિતની ઉજવળ કારકિર્દીના નિર્માણ માટે સરકાર કામ કરી રહી છે. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી સમાજ સેવા, કન્યા કેળવણી અને આરોગ્ય ક્ષેત્રેના ત્રિવેણી વિકાસને વધુ મહત્વ આપે છે. કન્યા કેળવણી મહોત્સવ થકી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સમાજમાં દીકરીઓની શિક્ષણ પ્રત્યે આહલેજ જગાવી હતી, ત્યારે કડી પણ "સ્ટડી વીથ કડી"ના સૂત્ર સાથે શિક્ષણ ક્ષેત્રે અનેક શહેરો માટે પ્રેરણારૂપ બન્યું છે.

# સંચાલકો પાસે આચાર્ય મુદ્દે સરકાર દ્વારા એફિડેવીટ મંગાતા ભારે આક્રોશ

### સંચાલક મંડળ દ્વારા આ મુદ્દે વિરોધ વ્યક્ત કરી શિક્ષણમંત્રીને રજૂઆત કરી, વિદ્યાર્થી સંખ્યા ઘટશે તો આચાર્યની જવાબદારી સંચાલક મંડળની રહેશે તેવું લખાણ માંગ્યું

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ સ્કૂલોના સંચાલકો પાસે વિદ્યાર્થી સંખ્યા ઘટશે તો આચાર્યની સંપૂર્ણ જવાબદારી સંચાલક મંડળની રહેશે તેવી એફિડેવીટ લેવામાં આવતા વિવાદ સર્જાયો છે. આવી કોઈ જોગવાઈ ન હોવા છતાં સંચાલક મંડળ પાસેથી એફિડેવીટ લેવામાં આવી રહી છે. આ મુદ્દે સંચાલક મંડળના પ્રમુખે રાજયના શિક્ષણમંત્રીને પત્ર લખી સખત શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે અને જરૂરી પડશે તો હાઈકોર્ટમાં જવાની ચિમકી પણ ઉચ્ચારી છે. આચાર્યની ભરતીને લઈને સંચાલક મંડળને વિવિધ જિલ્લાઓમાંથી રજૂઆતો મળતા આ મુદ્દે રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, રાજયમાં છેલ્લા ૬ વર્ષથી ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતી થઈ નથી. આચાર્યની ભરતી અંગે શિક્ષણ બોર્ડની જોગવાઈ અનુસાર આચાર્યની જગ્યાને ૧.૫ના રેશિયામાં ગણવામાં આવેલી છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ઠરાવ અનુસાર ધોરણ-૯ અને ૧૦ના બે વર્ગો ધરાવતી શાળામાં ૧ આચાર્ય અને ૩ શિક્ષક મળી કુલ ૪નું મહેકમ મળે છે. આ જોગવાઈમાં પણ વર્ગને જ ધ્યાને રાખવામાં આવ્યા છે. રાજ્યની ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન સરેરાશ હાજરી સંદર્ભે જે નિયમો બનાવવામાં આવ્યા છે તે અંતર્ગત ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં અલગ અલગ ધોરણ રાખવામાં આવેલી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યાને માન્ય વર્ગ ગણવામાં આવે છે. એક બાજુ રાજ્યમાં છેલ્લા ૭ વર્ષથી માધ્યમિક શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી અને બીજી બાજુ પ્રવાસી શિક્ષક યોજના અમલમાં મુકેલી છે. જે યોજના અન્વયે કાયમી શિક્ષકો રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને હજુ સુધી મળ્યા નથી. આમ, એક સ્કૂલમાં ઓછામાં ઓછા ૧ અને વધુમાં વધુ ૪થી ૫ કાયમી શિક્ષકોની ઘટ છે. સંચાલક મંડળની રજૂઆત હતી કે આચાર્યની જગ્યા વિદ્યાર્થી સંખ્યા આધારીત નથી. તેમ છતાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગ્રાન્ટેડ શાળાના સંચાલકો પાસે લેખિતમાં એફિડેવીટ માંગવામાં આવે છે, જેમાં વિદ્યાર્થી સંખ્યા ઘટશે તો આચાર્યની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલકની રહેશે તેમ લખાવવામાં આવે છે. આ બાબત ખૂબ જ ગંભીર છે. એક તરફ શાળામાં વર્ષોથી આચાર્ય ન હોય અને બીજી બાજુ વિદ્યાર્થી સંખ્યાનું બહાનું બતાવી જે તે શાળાને આચાર્ય ઉપલબ્ધ કરાવવામાં આવે તે યોગ્ય ન હોવાનું જણાવાયું છે.

### રાજ્યમાં TD (ટિટેનસ(ધનૂર), ડિપ્થેરીયા) રસીકરણના પ્રથમ ચરણનો પ્રારંભ

# બાળકોનું રસીકરણ એ સશક્ત અને સ્વસ્થ દેશના પાયાનું મજબૂતીકરણ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતેથી TD (ટિટેનસ(ધનુર) અને ડિપ્થેરીયા) રસીકરણનો તાજેતરમાં આરોગ્યમંત્રી દ્વારા પ્રારંભ કરાવાયો હતો. ગાંધીનગરની કન્યા વિદ્યાલયમાં વર્ષ ૨૦૨૩ના TD રસીકરણ અભિયાનના પ્રથમ ચરણનો પ્રારંભ કરાવતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે,રાજ્ય સરકાર દ્વારા બાળકોનુંરસીકરણ કરીને સશકત અને તંદુરસ્ત ભારતના પાયાનું મજબૂતીકરણ કરવામાં આવી રહ્યું છે. ધોરણ ૫ અને ૧૦માં અભ્યાસ કરતા રાજયના ૨૩ લાખ વિદ્યાર્થીઓમાં TD (ધનૂર અને ડિપ્થેરીયા) નું રસીકરણ કરીને તેમને ગંભીર બિમારીઓથી રક્ષિત કરવામાં આવશે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આ રસીકરણઅભિયાનને સફળ બનાવવા રાજ્યની આરોગ્ય ટીમ અને ખાસ કરીને RBSKની ટીમના પ્રયાસો સરાહનીય છે. રાજયમાં ૫૧,૬૬૭ શાળાઓમાં અંદાજીત ૨૩ લાખ જેટલા બાળકોનું RBSKનીટીમ દ્વારા TD રસીકરણ કરવામાં આવશે. રાજયમાં મિશન ઈન્દ્રધનુષ હેઠળ પણ વિવિધ રોગો સામે આરક્ષિત રસી આપીને બાળકને તંદુરસ્ત બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ ક્ષણે તેમણે ૨૧મી સદી ભારતનીસદી હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ૨૦મી સદીને અમેરિકાની સદી તરીકે ઓળખવામાં આવતું હતું. આજે ૨૧મી સદીમાં અમેરિકા જેવી મહાસત્તાએ ભારતના નેતૃત્વ અને સહકાર માટે હાથ લંબાવ્યો છે.જે સશક્ત ભારતની નેમ વ્યક્ત કરે છે. મંત્રીએ એમ પણ કહ્યું કે, TD વેક્સિન, સાર્વત્રિક રસીકરણ હેઠળની વિવિધ રસીઓ દ્વારા બાળકોને સશકત અને તંદુરસ્ત બનાવવામાં આવી રહ્યા છે. કારણ કે આ જ બાળકો અને યુવાનો આવનારા ઉજવળ ભારતનું ભવિષ્ય છે. સશક્ત ભારતના ભવિષ્યનો પાયો મજબૂત હશે તો ચોક્કસથી ભાવિ પણ ઉજજવળ બનશે.

# ઊંઝા ખાતેથી બનાવટી જીરૂં બનાવી વેચવાનું કૌભાંડ ઝડપાયું : જથ્થો જપ્ત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની ફૂડ ટીમ દ્વારા ઊંઝા ખાતે રૂા.૨.૧૪ લાખથી વધુનીકિંમતનો ૩૬૮૦કિ.ગ્રામ. બનાવટી જીરૂંનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. રાજયના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયાસો અને દાવા વચ્ચે બનાવટી ભેળસેળવાળા ખાદ્ય પદાર્થો વેચાઈ રહ્યા છે. સરકાર તરફથી બીજી તરફ રાજ્યમાં ખાદ્ય ચીજોના નમૂનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાંતત્ત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યના ખોરાક-ઔષધ નિયમન તંત્ર કમિશ્નર ડો.કોશિયાએ કહ્યું હતું કે, ગાંધીનગરની ફૂડ ટીમ દ્વારા બનાવટી જીરૂં અંગે ઊંઝામાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી, જેમાં કૌભાંડ આચરનાર વેપારી પટેલ મહેન્દ્ર મફતલાલ, (મકતુપુર- સુણોક રોડ, મુ- મકતુપુર, ઊંઝા) ની પ્રાથમિક તપાસ દરમ્યાન સ્થળ ઉપર બનાવટી જીરાનું ઉત્પાદન થતું જોવા મળ્યુંહતું. આ પેઢીમાં સઘન તપાસ હાથ ધરતા ઝીણી વરિયાળીમાં બ્રાઉન પાઉડર અને ગોળની રસી ભેગી કરી બનાવટી જીરૂં બનાવતા હોવાનું જાણવા મળ્યું હતું, જે જીરામાં ભેળસેળ કર્યાનું પ્રાથમિક દૃષ્ટિએ જોવા મળ્યું છે. તપાસ દરમ્યાન સ્થળ ઉપર ‘ગોળની રસી’, ‘બ્રાઉન પાઉડર’નો ૩૫૦ કિલોગ્રામ જથ્થો, ઝીણી વરિયાળીનો ૬૩૦ કિલોગ્રામ જથ્થો અને બનાવટી જીરાનો ૨૭૦૦કિલોગ્રામ જથ્થો ટીમ દ્વારા સ્થળ ઉપર જ હાજર સ્ટોકમાં પકડી પાડવામાં આવ્યો છે. જીરૂના નમૂનાઓ લઈ પૃથક્કરણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

# ભારત અને ઈજિપ્ત : ભૌગોલિક-આર્થિક ભાગીદારો

(એજન્સી) તા.૨૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએસ રાજ્યની મુલાકાતેથી પરત ફરતી વખતે, ૨૪-૨૫ જૂન ૨૦૨૩ દરમિયાન ઈજિપ્તની બે દિવસની મુલાકાતે લીધી હતી આ તેમની ઈજિપ્તની પ્રથમ મુલાકાત હશે અને ૧૯૯૭ પછી કોઈપણ ભારતીય વડાપ્રધાન દ્વારા આ પ્રથમ મુલાકાત હતી. ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ-સીસીએ ભારતીય વડા પ્રધાનને આમંત્રણ આપ્યું હતું, જ્યારે તેઓ ૨૬મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ૭૪માં પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય અતિથિ તરીકે ભારતમાં આવ્યા હતા. પ્રજાસત્તાક દિવસની પરેડ માટેનું આમંત્રણ એ ભારતની રાજ્ય મુલાકાત હોય છે. ભારતના પ્રજાસત્તાક દિવસની પરેડમાં રાજ્યના વડાને આમંત્રિત કરવું એ યુએસની રાજ્ય મુલાકાત સમાન છે, જેમાં નવી દિલ્હી તેની સિદ્ધિઓ, શક્તિ અને સંભવિતતાનું પ્રદર્શન જ પરંતુ આર્થિક, વ્યૂહાત્મક, સાંસ્કૃતિક અને લોકો-થી-લોકોના સંબંધોને સુધારવા માટે પણ મહત્વ આપે છે. તાજેતરના દાયકાઓમાં, પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવા માટે તે દેશના સશસ્ત્ર દળોની ટુકડીને આમંત્રિત કરવાની પ્રથા પણ શરૂ થઈ છે. આ તે દેશ સાથે સંરક્ષણ સંબંધોને વધુ ગાઢ બનાવવાની નવી દિલ્હીની ઈચ્છા દર્શાવે છે. ઈજિપ્તની સશસ્ત્ર દળોની ટુકડીએ ૨૬મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લીધો હતો.

**ભારત માટે ઇજિપ્તનું મહત્વ**

ભારત અને રિપબ્લિક ઓફ ઈજિપ્ત વચ્ચેના સંબંધો અન્ય અરબ દેશો કરતાં વધુ ગાઢ રહ્યા છે. જો કે, ભારતે તેના ૭૪મા ભારતીય પ્રજાસત્તાક દિવસની પરેડમાં રાષ્ટ્રપતિ અબ્દુલ ફતેહ અલ-સીસીને મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપ્યું હતું. તેથી, અન્ય દેશોની જેમ, પ્રજાસત્તાક દિવસની પરેડમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિની હાજરી સામાન્ય ઘટના નહતી. આ મુલાકાતનો સમય અને બંને દેશો વચ્ચે થયેલા કરારો દર્શાવે છે કે ભારત ઈજિપ્તને કેટલું મહત્વ આપે છે. ભારત અને ઈજિપ્તે સંસ્કૃતિ, IT, સાયબર સુરક્ષા, યુવા અને પ્રસારણ સંબંધિત બાબતોના ક્ષેત્રોમાં પાંચ કરારો ઉપર હસ્તાક્ષર કર્યા અને દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવાનો નિર્ણય કર્યો હતો અને તે રાજકીય, સુરક્ષામાં વ્યાપક સહકાર માટે લાંબા ગાળાની માળખું વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે. બંને પક્ષોએ આગામી ૫-૬ વર્ષમાં વર્તમાન USD 7.26 બિલિયનથી USD 12 બિલિયન દ્વિપક્ષીય વેપારનો નવો લક્ષ્યાંક પણ નિર્ધારિત કર્યો છે. રોકાણના મોરચે, ઈજિપ્તની સરખામણીમાં ભારતનો હિસ્સો ઘણો વધારે છે. ભારતે ઈજિપ્તમાં આશરે USD 3.15 બિલિયનનું રોકાણ કર્યું છે. લગભગ ૪૫૦ ભારતીય કંપનીઓ ઈજિપ્તમાં નોંધાયેલ છે,પરંતુ માત્ર ૫૦ જ સક્રિય છે; જો કે, ઈજિપ્તમાં કુલ ભારતીય રોકાણ ઊર્જા, પાવર, આઈટી અને સર્વિસ સેક્ટર જેવા વૈવિધ્યસભર ક્ષેત્રોમાં આશરે USD 3.15 બિલિયન છે. યુક્રેન યુદ્ધની અસરને જોતા, ભારત અને ઈજિપ્તે પણ અનુક્રમે એકબીજાને ખોરાક અને ખાતરનો સપ્લાય કરવાનો નિર્ણય લીધો છે. ભારત પાસે ઈજિપ્તની ખાદ્ય સમસ્યાઓ હલ કરવા માટે પૂરતા ઘઉં છે, જ્યારે ઈજિપ્ત પાસે ભારતની માંગને પહોંચી વળવા માટે પૂરતા પ્રમાણમાં ખાતર છે. રાષ્ટ્રપતિ સિસીની ભારત મુલાકાત દરમ્યાન બંને નેતાઓએ આ મુદ્દે પણ ચર્ચા કરી હતી. બંને નેતાઓ વચ્ચે ચર્ચા થયેલો અન્ય એક મહત્વનો મુદ્દો ભારતને સુએઝ કેનાલ કોન (SCZONE) ખાતે સમર્પિત ઔદ્યોગિક હબ આપવાનો હતો. ઈજિપ્ત ગર્વથી પોતાને તમામ સંસ્કૃતિની જનની કહે છે તે લાલ સમુદ્રની બંને બાજુએ એક મહત્વપૂર્ણ દેશ છે. ભૌગોલિક રીતે, તેનું ભૌગોલિક વ્યૂહાત્મક સ્થાન, જેમાં એશિયા, આફ્રિકા અને યુરોપને જોડતી સુએઝ નહેર ઉપર નિયંત્રણ અને સૌથી મોટી સ્થાયી સૈન્ય કેરોને પ્રદેશના ભૌગોલિક રાજકારણ, સુરક્ષા, વેપાર, રોકાણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા પ્રદાન કરે છે. ગલ્ફ રાજાશાહીઓ ઉપરાંત, ઈઝરાયેલ, યુએસ, યુરોપ અને હવે ચીન અને ભારતને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે ઈજિપ્તની સહાયની જરૂર છે. જો કે, ચાઈના પરિબળ અને ભારતની પોતાની બદલાતી મિડલ ઈસ્ટ નીતિ પછી કૈરોને ફરીથી જોડવાની નવી દિલ્હીની વ્યૂહાત્મક જરૂરિયાત અનેકગણી વધી ગઈ છે. હાલમાં, ત્રણ મહત્વપૂર્ણ પરિમાણ છે જે ઈજિપ્તના આરબ રિપબ્લિક સાથે સંબંધો પુર્નઃજીવિત કરવા ભારતના હિતોને દર્શાવે છે. સૌપ્રથમ, ઈજિપ્તને I2U2 (ભારત, ઈઝરાયેલ, યુએસ યુએઈ) સાથે જોડાવા અને ઉત્તર આફ્રિકામાં વિચારણા હેઠળના કેટલાક અન્ય પ્રાદેશિક સંગઠનોને સમર્થન આપવું. બીજું, વિશાળ યુરોપીયન બજાર સુધી પહોંચવા માટે સુએઝ કેનાલના રૂટ ઉપર એકસેસ મેળવવી. વેપારના દૃષ્ટિકોણથી ભારત માટે આ મહત્વપૂર્ણ છે અને ત્રીજું, આ પ્રદેશમાં



બીઆરઆઈ (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ) સહિત વધતા ચાઈનીઝ વ્યૂહાત્મક પદચિહ્ન સામે સમાંતર નેટવર્ક બનાવવું. આ ઉપરોક્ત ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે, ભારતે ઈજિપ્ત સાથે વેપાર, રોકાણ અને લોકોથી-લોકો સહિત આર્થિક સંબંધોને ગાઢ બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કૈરો સાથેનો સહયોગ પાકિસ્તાન સહિત ત્રીજા દેશોની દખલગીરીને પણ અટકાવશે. નવી દિલ્હી ઈજિપ્ત સહિત તે તમામ દેશો સાથે સ્વતંત્ર સંબંધ બાંધવા માંગે છે જેને ભારત આર્થિક અને વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ માને છે. દેખીતી રીતે, ભારત ઈજિપ્ત સાથેના તેના સંબંધોના વ્યૂહાત્મક પાસાઓ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે; તેથી, આ મુલાકાત દરમ્યાન મોદી સરહદ પારના આતંકવાદ સહિત સંરક્ષણ, સુરક્ષા અને આતંકવાદનો સામનો કરવા ઉપર ભાર મૂકે તેવી અપેક્ષા છે અને I2U2 માં ઈજિપ્તના જોડાવાની સંભાવના ઉપર કેટલીક પ્રારંભિક ચર્ચાઓને નકારી શકાય નહીં. ઈજિપ્ત I2U2 માં જોડાઈ શકે છે પરંતુ ઈરાન સાથેના સંબંધો પછી, આ શક્યતાઓ અંધકારમય દેખાય છે. મોદી કેટલીક નાણાકીય સહાયની પણ જાહેરાત કરી શકે છે; ભારત ખાતર, તેલ અને ગેસ અને ખાણકામ અને પ્રવાસન જેવા પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવામાં રસ ધરાવી શકે છે. સુએઝ કેનાલ ઝોનના ચેરમેન વાલીદ ગમાલ એલ્ડિયન જેઓ ભારતમાં છે તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયા-આફ્રિકા-યુરોપના બજારને એક્સેસ કરવા ઉપરાંત ભારતીય કંપનીઓને ૧૦૦ મિલિયનથી વધુનું સ્થાનિક બજાર પણ મળશે. ઈજિપ્તને આશા છે કે ભારત રિન્યુએબલ એનર્જી, ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સમાં રોકાણ કરશે. ભારત અને ઈજિપ્ત બંને જૂની સંસ્કૃતિ હોવાથી, સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવા અને પર્યટનને પ્રોત્સાહન આપવા અંગેના કરારો થવાની સંભાવના છે.

**દ્વિપક્ષીય સંબંધોનો સંક્ષિપ્ત ઇતિહાસ**

ભારત-ઈજિપ્ત સંબંધો રસપ્રદ રીતે ઐતિહાસિક, વૈચારિક અને મિત્રતાના સંબંધો ધરાવે છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન મહાત્મા ગાંધી અને ઈજિપ્તના નેતા સાદઝાગ્લુલ બ્રિટિશ સંસ્થાનવાદ સામે લડતમાં એક વિચારમાં હતા અને ભારતની આઝાદીના ત્રણ દિવસ પછી (૧૫ ઓગસ્ટ ૧૯૪૭), ૧૮ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ, બંને દેશોએ રાજદૂત સ્તરે સંયુક્ત રાજદ્વારી સંબંધોની સ્થાપનાની જાહેરાત કરી અને ૧૯૫૫માં નવી દિલ્હી અને કૈરોએ ૧૯૬૧માં મિત્રતા સંધિ ઉપર હસ્તાક્ષર કર્યા અને તે જ વર્ષે યુગોસ્લાવિયા અને ઘાના સાથે નેહરૂ અને કર્નલ નાસિરે બિન-જોડાણર આંદોલન (NAM)ની સ્થાપના કરી. સુએઝ કટોકટી દરમ્યાન ભારત કૈરોની સાથે ઉભું હતું અને તે સમયે તેઓએ સહ-નિર્માણ શરૂ કર્યું હતું, જે ૨૦૨૨માં પુર્નઃ જીવીત થયું હતું, નહેરૂ-નાસિર મિત્રતા પણ મજબૂત હતી. તેમના સંક્ષિપ્ત કાર્યકાળ દરમ્યાન રાષ્ટ્રપતિ મોરીએ ૨૦૧૩માં ભારતની મુલાકાત લીધી હતી અને ક્ષમતા નિર્માણ, IT, SME અને મુકત અને ન્યાયી લોકશાહી ચૂંટણીઓનું સંચાલન કરવા માટે ભારત પાસેથી શીખવાની ઈચ્છા વ્યકત કરી હતી. તેમણે ભારતીય નિષ્ણાતોને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) ને કેવી રીતે હેન્ડલ કરવું તે શીખવવાનું પણ કહ્યું અને પોતાની સાથે અડધો ડઝન ઈવીએમ લઈ ગયા હતા.

**નિષ્કર્ષ**

પાંચ દાયકા બાદ ભારત અને ઈજિપ્ત ફરી એકવાર નજીક આવી રહ્યા છે. આ વખતે તે પારસ્પરિક, સ્વાભાવિક અને તેમના સંબંધિત સામાન્ય રસ અને દૃષ્ટિ પર આધારિત છે. ભારતને તેની નવી મધ્ય પૂર્વ નીતિનો લાભ લેવા માટે ઈજિપ્તની જરૂર છે, જ્યારે ઈજિપ્તને પોતાને વિકસિત કરવાની જરૂર છે. આ પ્રદેશમાં યુ.એસ.ના હિત બદલાઈ રહ્યા છે; તે ઈચ્છે છે કે તેના સાથીઓ સ્વ-નિર્ભર બને. તેથી, ઉભરતી અર્થવ્યવસ્થાઓ સાથેના સંબંધોમાં વિવિધતા લાવવી એ ઈજિપ્તના હિતમાં છે અને ભારત તેની પ્રાથમિકતા છે.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટની યુવા પાંખ દ્વારા રાજકીય કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

રાજકોટ, તા.૨૮

ખોડલધામ ટ્રસ્ટની યુવા પાંખ શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા એક રાજકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન સરદાર પટેલ ભવનમાયાણી ચોક મવડી રોડ રાજકોટ ખાતે તારીખ ૨૫ જૂન ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૩૦વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું, આ કેડીફવીએસ દ્વારા આયોજિત કાર્યક્રમની અંદર સર્વ જ્ઞાતિના ૫૦૦ થી વધુ યુવક અને યુવતીઓએભાગ લીધો હતો.આ સેમિનારનું ખૂબ જ ભવ્યતાથી સુંદર મજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા આયોજિત સેમિનારમાં તાજેતરમાં જ નવનિયુક્ત થયેલા ખોડલધામ વિદ્યાર્થી સમિતિના તમામ હોદ્દેદાર, કન્વીનર અને સહ કન્વીનર પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાંથી એમના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે રાજકોટ સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાંથી અલગ અલગ જ્ઞાતિના યુવક-યુવતીઓ પણ સેમિનારનો લાભ લેવા રાજકોટ આવી પહોંચ્યા હતા.વરસાદી માહોલ હોવાં છતાં મોટીસંખ્યામાં લોકોની હાજરી રહી હતી.કાર્યક્રમની શરૂઆત સવારે ૯:૦૦ વાગે ઈશ્વર આરાધ્યાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કેડીવીએસના માર્ગદર્શક પોલીસ ઈન્સ્પેક્ટર સંજયભાઈ પાદરીયાએ સૌને સ્વાગત પ્રવચનના માધ્યમથી આવકાર્ય હતા અને પોતાની લાગણી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ પ્રત્યેની વ્યકત કરી હતી અને એમનેઆ સંગઠન ગુજરાતનુંટોચ સમુ સંગઠન બનાવવાની વાત કરતા યુવાનોએ એમને તાળીના નાદથી વધાવી લીધા હતા.એમના બાદ પ્રથમ વકતવ્ય શિવરાજભાઈ નરેશભાઈ પટેલે આપ્યું હતું.

વકતવ્યમાં શિવરાજભાઈ પટેલે જણાવ્યું હતું કે, હંમેશ માટે પોલિટિક્સમાં આવતા પહેલા તમારે અનેક બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે, પોલિટિક્સમાં આવતા પહેલા તમારે કોઈપણ એક પાર્ટી પસંદ કરવાની રહે છે, પાર્ટીના પસંદગીના ધોરણમાં પાર્ટીની પ્રવૃત્તિ, એમને કરેલા કાર્યો, એમને કરેલા વિકાસના કાર્યને ધ્યાનમાં રાખી કોઈપણ વ્યક્તિ પોતાની પાર્ટીને પસંદ કરતો હોય છે.આમ પણ જ્યારે રાજકારણમાં પ્રવેશ કરતી વખતે એમને એમ પણ કહ્યું હતું કે, વ્યક્તિએ પોતાના રોડ મોડલ તરીકે કોઈ સર્વ ગુણ સમાં રાજકારણી વ્યક્તિને પસંદ કરવો જોઈએ. એમની આઈડ્યાલોજીને વરીને કાર્ય કરવા માટે આગેકૂચ કરવી જોઈએ.જેમની અંદર તમામ રાજકારણના ગુણો હોવા જોઈએ સાથે સાથે એમને અનેક ઉદાહરણના માધ્યમથી રાજકારણમાં પ્રવેશ કરતા શું શું બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ એના ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો. કોઈપણ પાર્ટી ઉપરના મત મતાંતરો વગર એમને સુંદર મજાનું જ્ઞાન લોકોને આપ્યું હતું.સાથેસાથે ફાઈનાન્સની શું જરૂર પડે અને રાજકારણમાં ફાઈનાન્સનું શું મહત્વ હોઈ છે એના વિશે પણ પ્રકાશ પાડ્યો હતો. અને શિવરાજભાઈ, નરેશભાઈ પટેલના સુંદર વક્તવ્ય બદલ બેઠેલ લોકોએ એમને તાળીના નાદથી ખૂબ પ્રતિસાદ આપ્યો હતો.અત્રે ઉમેરવું કે શિવરાજભાઈ પટેલપોતે ભારત અને ગુજરાતની ટોચ ગણાતી પટેલ બ્રાસવર્કસ કંપનીના સુકાની પણ છે અને પોતે એક સેવાને વરેલા વ્યક્તિપણ છે. કાર્યક્રમમાં દ્વિતીય વકતવ્ય રાજકોટના મેયર ડોક્ટર પ્રદીપ ડવે આપ્યું હતું.

એક સામાન્ય કાર્યકરથી લઈને મેયર સુધીની મંજિલ અમને સફળ કરી હતી. ત્યારે રાજકોટના મેયર તરીકે એમને ખૂબ જ વિકાસના સ્વપ્નને સાકાર કર્યુંછે ત્યારે રાજકારણમાંપ્રવેશતી વખતે શું શું બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. લોકોની સેવાઓ કરવી પડે છે એમના ઉપર પ્રકાશ પાડ્યો હતો.તેમણે જણાવ્યું હતું કે, ઘણી વખત રાજકારણમાં હોય ત્યારે આપણે જે વિસ્તારમાં હોય એ આપણો મતવિસ્તાર જ આપણો એક પરિવાર બને છે એ પરિવારની સુખ શાંતિ અને સમૃદ્ધિની ચિંતા હંમેશ માટે આપણે કરવાની રહે છે. સાથેસાથે સાહેબે કીધું કે હંમેશ માટે હું એ વિસ્તારના લોકો માટે જે ચિંતિત રહેતો હોઉં છું અને લોકો માટે ચિંતિત રહેવાથી ક્યારેક પરિવારિક એટલે કે પરિવાર પણ ભુલાતો જતો હોય છે.એક કિસ્સાને યાદ કરી પ્રદિપ ડવ ભાવુક થયા હતા. તેમણે જણાવ્યું કે, રાજકારણમાં કામ કરતા સમયે પરિવારને સમય નથી આપી શકાતો. પરિવારની ખુશીઓનો પણ ત્યાગ કરવો પડે છે. પ્રદિપ ડવે પોતાનો એક વ્યક્તિગત કિસ્સો કહ્યો એ સમયે તેઓ ભાવુક થયા હતા. ડો. પ્રદિપ ડવે સેમિનારમાં પોતાના વ્યક્તિગત અનુભવો વર્ણવતા કહ્યું હતું કે, એક રાજકારણીનું જીવન ખૂબ જ કપરૂં હોય છે. લોકો એમ માનતા હોય છે કે રાજકીય વ્યક્તિ મોજશોખ પૂરા કરે છે, પરંતુ વાસ્તવમાં તેવું હોતું નથી. પોતાના પરિવાર સાથે બહાર જમવા જવાનો પ્રોગ્રામ કર્યો પરંતુ આ પ્રોગ્રામ પણ રદ્દ કરવો પડે છે. તેમના દીકરાના જન્મદિવસનો કિસ્સો વર્ણવતા કહ્યુ હતું કે મારો ૭ વર્ષનો દીકરો છે. તેનો જન્મદિવસ હતો. અમે સાંજે બહાર જવાનું નક્કી કર્યું હતું પરંતુ મારે ૭ વાગ્યે એક કાર્યક્રમમાં હાજર રહેવું પડ્યું. ત્યાંથી ફ્રી થવામાં ઘણો સમય લાગ્યો. જ્યારે હું રાત્રે ૯.૩૦ વાગ્યે ઘરે પહોંચ્યો ત્યારે તે સૂઈ ગયો હતો. આ વાત યાદ કરતા મેયર ડો.પ્રદિપ ડવ ભાવુક થઈ ગયા હતા. વધુમાં તેઓએ કહ્યું હતું કે, આપણે જે સ્થળે હોયએ ત્યાં નિષ્ઠાથી કામ કરીએ. રાજકોટના મેયર તરીકે મારી ફરજ છે તો રાજકોટને શું આપી શકું તે દિશામાં આપણા પ્રયત્ન હોવા જોઈએ. આ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ખોડલધામના એંકર હાર્દિક સોરઠીયાએ કર્યું હતું કે,વિશેષ રાજકોટ શહેરના શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના રાજકોટ શહેરના મુખ્ય કન્વીનર રાહુલભાઈ ગીણોયા ઉપસ્થિત રહ્યા હતાં.આ ઉપરાંત ખોડલધામ વિદ્યાર્થી સમિતિના મુખ્ય કોર કમિટીના સભ્યો વત્સલભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, અખિલભાઈ પટેલ, મૌલિકભાઈ સખીયા, ઉમંગભાઈ વઘાસિયા, હાર્દિકભાઈ સોરઠીયા, નરેન્દ્રભાઈ પટેલ, મેહુલ ઢાંકેચા, પ્રદીપ રફળીયા અને વર્શિલ ગીણોયાએ ખૂબ મોટી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગીર સોમનાથ જીલ્લામાં ચાર હોટલો પ્રવાસીઓની ઓનલાઈન એન્ટ્રી નહીં કરતા હોવાનું એસઓજીની તપાસમાં સામે આવ્યું

## ચારેય હોટલના સંચાલકો સામે એસઓજીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, કોડીનાર અને ઉના શહેરની ચાર હોટલો દ્વારા તેઓને ત્યાં રોકાણ કરતા પ્રવાસીઓની ઓનલાઈન એન્ટ્રી ન કરતા હોવાનું SOG ની તપાસમાં સામે આવ્યુ છે. જેના આધારે ચારેય હોટલના સંચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સોમનાથ, સાસણ ગીર જેવા પર્યટનક્ષેત્રના પ્રખ્યાત સ્થળો આવેલા એવા ગીર સોમનાથ જિલ્લામાં દર વર્ષે કરોડથી વધુ પ્રવાસીઓ ફરવા આવે છે. ત્યારે જિલ્લામાં મોટાપાયે હોટલ ઉદ્યોગ વિકસ્યો છે. ત્યારે સુરક્ષાને ધ્યાને રાખી આંતકવાદી ઘટનાઓને અટકાવવા માટે જરૂરી માહિતી હોટલો-ગેસ્ટહાઉસો પાસેથી તાત્કાલીક મળી રહે તે માટે જિલ્લામાં આવેલ તમામ હોટલ-ગેસ્ટહાઉસમાં રહેવા માટે આવતા પ્રવાસીઓના આધાર-પુરાવા વાહન સહિતની વિગતોની માહિતી સરકારી પથિક સોફ્ટવેરમાં કરવા માટે જીલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જાહેરનામું અમલમાં મુકેલ છે. જેની અમલવારી થાય છે કે કેમ તેની ચકાસણી કરવા માટે જીંટ ના પીઆઈ એ.બી.જાડેજાની સૂચનાથી સ્ટાફએ તપાસ હાથ ધરી હતી. જેમાં વેરાવળમાં આવેલ હોટલ મેટ્રો અને હોટલ ઉત્સવ, કોડીનારમાં સોમનાથ ગેસ્ટ હાઉસ અને ઉનામાં હોટલ માતાંગી મોટેલમાં પ્રવાસીઓને વિગતો પથીક સોફટવેરમાં એન્ટ્રી કર્યા વગર રૂમો રહેવા માટે આપતા હોવાનું જાણવા મળેલ હતુ. જેના આધારે ચારેય હોટલના સંચાલકો સામે સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ તકે તમામ હોટલોના સંચાલકોને સોફ્ટવેરમાં એન્ટ્રી કરવા બાબતે બેદરકારી ન દાખવા તાકીદ કરવામાં આવી હતી.

# ખંભાળિયાની હરીપર સરકારી શાળામાં દાતા સદગૃહસ્થના માનમાં બાળભોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮



ખંભાળિયા તાલુકાના હરીપર ગામ ખાતે આવેલી સરકારી શ્રી હરીપર તાલુકા શાળા ખાતે જાણીતા દાતા સદગૃહસ્થ પ્રેમચંદ ખેતશી મારૂના જન્મદિન નિમિત્તે બાળકો માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. મૂળ હરીપર અને હાલ મુંબઈ મુકામે સ્થાયી થયેલ ઉદ્યોગપતિ પ્રેમચંદ ખેતશી મારૂ દ્વારા પોતાના ૮૧ માં જન્મદિવસ નિમિત્તે શ્રી હરિપુર તાલુકા શાળાના તમામ વિદ્યાર્થીઓને વરસાદની મોજમા લાડુ, ગરમા ગરમ ભજીયા સાથેના ભોજન સમારંભનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મોજથી ભોજનનો આનંદ માણ્યો અને પ્રેમચંદ દાદાના લાંબા અને નિરોગી આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ આયોજન માટે શાળાના આચાર્ય અને તમામ સ્ટાફ વિગેરેનો સહયોગ સાંપડ્યો હતો.

# રાષ્ટ્ર સંત નમ્રમુની મહારાજનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

રાષ્ટ્ર સંત નમ્રમુની મહારાજનો ભવ્ય ચાતુ માસ પ્રવેશ ::

તા. ૨૫/૦૬/૨૦૨૩ ના રવિવારના રોજ રાષ્ટ્ર સંત પરમ ગુરૂદેવશ્રી નમ્રમુની મહારાજ સાહેબનો ચાર્તુમાસ પ્રવેશ હતો. સમગ્ર સમારોહમાં હાજર રહીને અમોએ જે જોયું તથા દેશ વિદેશથી આવેલા ભાવિકો સાથે વાતચીત કરી તે સૌરાષ્ટ્રભુમિના વાંચકો માટે રજુ કરીએ છીએ.

:: ચાર્તુમાસનું નામ ::

જૈન સાધુઓ જીવદયાના કારણે ચોમાસાના ૪ મહિના વીહાર કરતા નથી અને એક જ જગ્યાએ રહે છે તેને ચાર્તુમાસ કહે છે અને ચાલુ સાલ અધીક માસ હોય જૈન મુની માટેના આ ચાર્તુમાસમાં ૫ મહિના થશે. સામાન્ય રીતે આવા ચાર્તુમાસને કોઈ વિશીષ્ટ નામ હોતું નથી પરંતુ ગુરૂદેવ નમ્રમુની મહારાજ સાહેબે આ ચાર્તુમાસમાં ગીરનારનું પણ ગૌરવ વધે અને ભાવિકો ભગવાન નેમનાથની જે ભુમી પર થઈ છે તે ભુમી પર આવતા થાય અને ગીરનારના આલૌકિક ચાર્જીગવાળા વાતાવરણમાં પ્રભુભકિતની સાથોસાથ આત્માસાધના અને આરાધના કરીને ભાવ વિશુધ્ધિથી આત્મકલ્યાણના માગે આગળ વધે તે માટે ગીરનાર પસંદ કરેલું છે. અને આથી જ ગુરૂદેવે આ સમગ્ર ચાર્તુમાસને ખુબ જ યોગ્ય નામ આપેલ છે – "ગિરનાર વંદનમ્ વર્ષાવાસ –૨૦૨૩" અને ગીરનાર ચાર્તુમાસ કરવાનું આ સમારોહને આમંત્રણ પત્રિકાના ઉપર જ જે દિવ્ય લખાણ હતું તેનાથી સ્પષ્ટ થઈ જાય છે. ગુરૂદેવે આ ચાર્તુમાસ માટે તૈયાર કરેલ આમંત્રણ પત્રિકામાં ખુબ જ વિશિષ્ટ શબ્દો વાપરેલ છે જેનાથી આ ચાતુ માસનો ઉદ્દેશ ગીરનારમાં શા માટે થયો તે સ્પષ્ટ થઈ જાય છે. આમંત્રણ પત્રિકાના મુખપૃષ્ઠ પર જ શબ્દો હતા –

ગિરિ વંદનમ્

ગુરુ વંદનમ્

ગુણ વંદનમ્

ગુરૂ પુર્ણિમાનો સમારોહ પધારેલા ભાવિકોને ધ્યાનમાં લઈને તા. ૨૬ જુનના રોજ સોમવારે ઉજવાયો તેમાં ગુરૂદેવે ગીરનાર ચાર્તુમાસનો વિશેષ ઉદેશ સમજાવ્યો. ગુરૂદેવેના શ્રીમુખેથી આ ચાતુ માસ ગીરનારમાં કરવાનો હેતુ વિશેષ એ બતાવેલો છે કે જૈન ધર્મનાં જે મુળ ગ્રંથો કહેવાય તેવા ૩૨ આગમોનો અંગ્રેજીમાં ભાષાંતર કરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. ગુરૂદેવે જણાવેલ કે પાલી ભાષા કે સંસ્કૃત ભાષા હવે લોકભોગ્ય ભાષા ન હોય આ આગમનું ગુજરાતી ભાષાંતર કરવામાં આવેલ. પરંતુ દેશ વિદેશના લાખો ભાવિકોની નવી પેઢી પૂર્ણપણે ગુજરાતી પણ સમજતી નથી અને સામાન્ય વાતચીતમાં પણ અંગ્રેજીનો જેમનો મહાવરો છે તેવી નવી પેઢીને જૈન દર્શનનો મુળભુત હેતુ સમજાવવા માટે આ આગમનું અંગ્રેજી ટ્રાન્સલેશન કરવામાં આવેલ છે અને એ ભગીરથ કાર્ય પુરુ કરવા માટે પુરી એકાગ્રતા અને સમય જોઈએ અને આથી જ આ સાધનાભુમી ગીરનારમાં ગુરૂદેવે પસંદગી ઉતારેલી છે. ગુરૂદેવે બીજું પણ એ કહેલ કે અમારે પણ અમારી સાધના કરવાની છે. જો સમગ્ર દિવસ દરમ્યાન ભકતોની આવન–જાવન ચાલુ રહે તો શાંતથી આત્મશુધ્ધિ કરવાનો કોઈ સમય મળે નહી તે વિશિષ્ટ હેતુ ગીરનારની પુણ્ય ભુમીમાં સાકાર થાય અને વિશેષ દિવ્ય સાધનાઓ ગીરનારની ચાર્જીગવાળી જગ્યામાં થઈ શકે તેવા હેતુથી પણ ગુરૂદેવે ગીરનાર તળેટી પસંદ કરેલી છે.

કિરીટ સંઘવી
- વન મેન આર્મી -

:: ગુરૂદેવની પસંદગીની પશ્ચાદ ભુમીકા ::

ગુરૂદેવે આ પહેલાનું ચાતુ માસ કચ્છના એક નાના ગામ "પુનડી" માં કરેલો હતો. અત્યંત ભાવિક ગુરૂભકત એસપીએમ પરિવારે આ ચાતુ માસનો લાભ લીધેલો હતો. તે અગાઉનું ચાર્તુમાસ ગુરૂદેવે જુનાગઢમાં કરેલો હતો. તે એક સાનંદ આશ્ચર્ય હતું. કારણ કે જેમણે ગુરૂદેવના ચાર્તુમાસ મુંબઈ, કલકતા, વડોદરામાં જોયેલા છે તેઓ કલ્પના પણ ન કરી શકે કે ગુરૂદેવ જુનાગઢના ચાર્તુમાસ માટે હા પાડશે. તે સમયે કોરોનાનો પ્રથમ તબકકો ચાલુ હતો. સમગ્ર ભારતમાં બહું જ ઝડપે કોરોના ફેલાતો જતો હતો. પરંતુ હજુ જુનાગઢ માં કોરોનાની એટલી અસર નહોતી. આથી જુનાગઢના પ્રખર ગુરૂભક્ત પ્રો. વી.એસ. દામાણી તથા જુનાગઢમાં અહમ સેવા ગૃપના અને અત્યંત સેવાભાવી ગુરૂભક્ત સુજલભાઈ દોશીએ તે સમયે ગુરૂદેવને જણાવેલ કે જુનાગઢમાં ચાતુ માસ માટે પધારો. જો કે આ વિનંતી કરનારને પણ પોતાના ઉપર પુરો વિશ્વાસ ન હતો કે ગુરૂદેવ આ વિનંતી સ્વીકારશે. પરંતુ ગુરૂદેવે થોડીક પ્રાથમિક તપાસ બાદ સંમતિ આપેલી અને કદાચ ત્યારથી જ જુનાગઢના ધાર્મિક ઈતિહાસમાં સુવર્ણ પૃષ્ઠ પર લખી શકાય તેવી ઘટનાઓ શરૂ થઈ. પ્રથમ ભવનાથમાં આવેલ પ્રકૃતિધામમાં થોડો સમય અને ત્યારબાદ દીગંબર સંપ્રદાયના બહુમાળી મકાનમાં ગુરૂદેવે ચાર્તુમાસ કરેલ. તે સમયે કોરોનાનો પીરીયડ ચાલુ હતો. આથી ગુરૂદેવને પણ સાધના માટેનો ઘણો સમય મળી ગયેલો. ગુરૂદેવે જુનાગઢમાં આ સમયમાં દાનની સરવાણી કરેલી. અને આ સમયમાં જ ગુરૂદેવે ૯ દિક્ષાઓ આ જ ભુમીમાં આપી. આથી કોરોના એ વીતેલા સમયની યાદ ન કરવી ગમે તેવી ઘટના હતી પરંતુ જુનાગઢની જનતા માટે કોરોનાના કારણે જુનાગઢમાં ગુરૂદેવે ચાર્તુમાસ પસંદ કર્યો તે ઘટના અલૌકીક હતી અને પછી કેટલીક ઐતિહાસીક અને દિવ્ય ઘટનાઓની આ ઘટના જન્મદાત્રી હતી તે હવે ધીમે ધીમે ખબર પડે છે. ગુરૂદેવને જયાં દીક્ષા ઉત્સવ હતો તે જુનાગઢના રહીશ કહી શકાય તેવા શ્રી શરદભાઈ આડતીયાની ગીરફાર્મની જગ્યા એટલા માટે પસંદ પડેલી કે ત્યાંથી સીધા ભગવાન નેમીનાથના દેરાસરના દર્શન થતા હતા અને ત્યારે જ ગુરૂદેવને આવી જગ્યામાં એક શ્રેષ્ઠ સેવા સાધના અને સકાયનો સંકુલ બને તે વિચાર આવ્યો અને તે વિચાર બીજના અનુસંધાને ગુરૂદેવના ભાવિકોએ આ જગ્યામાં પારસધામ ઉભુ કરવા માટે, ખરીદવા માટે વાતચીત ચાલુ કરેલ અને આ પુણ્યકાર્યમાં સહભાગી થયા. ગીરફાર્મનાં મુળ માલિક શ્રી શરદભાઈ આડતીયા લીઓ ફન રીસોર્ટના માલિક યતીનભાઈ કોટેચા કે જેણે પાછળથી ગુરૂ શરણમ અને પારસધામના બાંધકામની સંપૂર્ણ જવાબદારી ઉપાડીને આ ભગીરથ કાય ટુંક સમયમાં પુરુ કરવાનું આયોજન કરેલ તે તથા ગુરૂદેવના સેંકડો ગુરૂભક્તોની સહાયથી ભવનાથ તળેટીના ગીરફામ માં આધ્યાત્મિક સંકુલ લગભગ પુરુ થઈ ગયું અને ગુરૂદેવની સાથોસાથ ગુરૂભકતોની અથાગ મહેનતના પરિણામે ભવ્યાતી ભવ્ય પારસધામ ગીરનારનું સંકુલ લગભગ પુર્ણતાના આરે છે. ૧૧ મહિનામાં ૫ માળનું આ સંકુલ ઉભુ કરવું તે ઈજનેરી કૌશલનો એક નમુનો છે. પરંતુ "ગુરૂદેવ કી ઈચ્છા હૈ તો સબકુછ મૂમકીન હૈ" ના નાતે આજે સેવા, સાધના અને સકાયોનું ગુરૂદેવનુ આ ૧૧ મું સંકુલ પુરુ થયું છે. જેમણે પારસધામ ગીરનારનો પ્રત્યક્ષ અનુભવ કરેલો છે તેઓ ચોકકસપણે કહી શકે કે ભગવાન નેમીનાથની સામે પારસધામના કોઈપણ માળે આંખ બંધ કરીને તમો બેસી જાઓ તો આપોઆપ સાધના થઈ જશે. કારણ કે આ સંકુલની જમીન ઉપર કયારેક ભગવાન નેમીનાથને ચરણોની સ્પર્શ ના થઈ હશે અને ત્યારબાદ હજારો વર્ષ બાદ આ જમીન ઉપર ગુરૂદેવના ચરણની સ્પર્શ થયેલ છે ત્યારે અને જેમાં કુદરતી પ્રકૃતિનો સંગાથ છે એવા પારસધામ ગીરનારના આધ્યાત્મિક સંકુલમાં ભાવિકો સાધના આરાધના કરીને આધ્યાત્મિક વિકાસનો સમન્વય કરીશે. ૫ માળના આ વિશાળ પારસધામમાં દરેક માળ ઉપર એક હોલ છે. આ ઉપરાંત આય સંસ્કારોનું આરોપણ કરાવવા સિધ્ધ પીઠીકા પીરામીડ આકારયુકત ધ્યાનસાધના કુટીરો, ધ્યાનગુફા, આગમમંદિર, નવકારમંત્ર પટ, ગુરૂમંદિરની સાથેસાથે ભોજનશાળા અને આયંબબીલ શાળા તથા વયાવચ્ચ કેન્દ્ર વગેરેનું આયોજન જયારે સંપુર્ણપણે પુરુ થશે ત્યારે ગીરનારની ગોદે બનેલ પારસધામ મહા ધ્યાન સાધનાલય બની જશે. આ ભવ્ય પારસધામ સંકુલની જીણામાં જીણી બાબતો ઉપર ગુરૂદેવ અને મહાસતીજીઓએ "રાઉન્ડ ધી કલોક" સુપરવીઝન કરેલ છે અને જયારે ગુરૂદેવ આ નિમા ણમાં સહયોગી બીલ્ડર કે આકી ટેક સાથે વાત કરતા હોય ત્યારે આપણને એવું લાગે કે આવા મહા પ્રભાવી રાષ્ટ્ર સંત કોઈ નિષ્ણાંત આકી ટેક કરતા પણ વધુ જાણકારી કઈ રીતે મેળવેલ હશે તે આશ્ચર્ય ઉપજાવે તેવી બાબત છે.

:: ચાર્તુમાસ પ્રવેશ ::

ગુરૂદેવના ચાતુ માસ પ્રવેશની શોભાયાત્રા સવારે ૮–૩૦ કલાકથી પારસધામ ગીરનારથી શરૂ થયેલી. શણગારેલ ગજરાજ આ સ્વાગત યાત્રાની આગળ હતો અને ત્યારબાદ લુક એન્ડ લન અને અહ મ સેવા ગ્રુપના બાલક બાલીકા તથા યુવાનોએ શુશોભીત વસ્ત્રોમાં અને દીકરોઓ કળશ સાથે અને દેશ વિદેશથી આવેલ લગભગ ૩૫૦૦ જેટલા ગુરૂભક્તો અને મહાસતીજી તેમજ બધા જ આ સ્વાગત યાત્રામાં જોડાયેલા અને ભાવિકોનું અભિવાદન ઝીલતા ઝીલતા આ સ્વાગત યાત્રા લગભગ ૯–૦૦ કલાકે પ્રકૃતિ ધામના વીશીષ્ટ મંડપમાં પ્રવેશેલ. વરસાદ કે તાપ ન લાગે તે પ્રકારનો સમગ્ર રચના સંપૂર્ણ વાતાનુકુલીત હતી. નાભીના ઉંડાણમાંથી ઉવસ્ગરમ મંત્રનો પઠન કરીને ગુરૂદેવના શ્રીમુખેથી પ્રવચન શરૂ થયેલું. વચ્ચે વચ્ચે જે લોકોએ આ આધ્યાત્મિક સંકુલના વિકાસમાં ફાળો આપેલો હતો તેમનું સન્માન પણ થયેલ, જેમાં આ બાંધકામમાં રાત દિવસ જોયા વગર જેમણે નિયત સમયમાં જ આખા સંકુલનું બાંધકામ પુરુ કરવાનો મકકમ નિર્ધાર ગુરૂદેવના આશીર્વાદ સાથે શરૂ કરેલ હતો તે યતીનભાઈ કોટેચાને ગુરૂદેવે સ્ટેજ પર બોલાવીને સન્માન કરેલ. આ તબકકે ગીરનાર ક્ષેત્રના સંતો, મહંતોની હાજરીમાં આ સમારોહ શરૂ થયેલો. પોરબંદરના ધારાસભ્ય રમેશભાઈ ધડુક, ભકતકવિ નરસિંહ મહેતા યુની.ના વાઈસ ચાન્સેલર શ્રી ચેતનભાઈ ત્રીવેદી, જુનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર તન્ના, ખેતીબેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા તથા જૈન સંઘના જુનાગઢ, ગોંડલ, રાજકોટ, વેરાવળના અગ્રણી હોદેદારો તથા ઘાટકોપરના ધારાસભ્ય અને જૈન મહાસંઘના પ્રમુખ પરાગભાઈ શાહ, મુંબઈના અગ્રણી જીગરભાઈ શેઠ હતા. આ પ્રસંગે જેમની વિશીષ્ટ ઉપસ્થિતિ હતી અને જેમણે આ સમગ્ર ચાર્તુમાસનો અમુલ્ય લાભ લીધેલ હતો તે ધર્મવત્સલ અવંતીભાઈ કાકરીયા, કલકતા તેમના સમગ્ર પરિવાર સાથે હાજર હતા. આ સમારોહની વિશીષ્ટતા એ હતી કે આ મહોત્સવમાં લગભગ ૩ થી ૪ હજાર ગુરૂભક્તો હાજર રહેલા હોવા છતાં કયાંય અશીસ્ત કે અગવડ થયેલી નહી. સવારની નૌકારશી તથા બપોર અને સાંજનું સ્વાદીષ્ટ ભોજન જયોતી કેટરસ દ્વારા તૈયાર કરાયેલ હતું. ગુરૂદેવે તેમના વ્યાખ્યાનમાં કર્તવ્ય અને સેવા વચ્ચેનું તફાવત સમજાવેલો. હું મારા મા–બાપની સેવા કરું છું કે હું મારા ગુરૂની સેવા કરું છું તેવું કોઈપણ બોલી શકાય નહી પરંતુ એમ કહેવાય કે મારું કર્તવ્ય છે એટલે મારા મા–બાપની કે મારા ગુરૂની સેવા કરું છું. ગુરૂદેવના વ્યાખ્યાનની એક ખુબ જ સરસ લાક્ષણીકતા એ છે કે ગહનમાં ગહન ધાર્મિક સિધ્ધાંત પણ ઉદાહરણ આપીને સરળ ભાષામાં સમજાવે છે. ઓશોના દરેક પ્રવચનમાં મુલ્લા નસરુદીનનો જેમ દાખલો આપીને સમજાવતા હતા તે જ રીતે ગુરૂદેવ આગમના ગહનમાં ગહન સિધ્ધાંતો પણ આપણને સમજાય તેવા દાખલા સાથે સરળ ભાષામાં તેનો અથ કરી તે સમજાવતા હતા. ગુરૂદેવના શ્રીમુખે જયારે વ્યાખ્યાન ચાલુ હોય ત્યારે ૩૫૦૦ થી ૪૦૦૦ ભાવિકો સભામંડપમાં હતા તેઓએ "પીન ડ્રોપ સાયલન્સ" થી ગુરૂદેવને સાંભળેલ હતા. દેશ વિદેશના ભાવિકો આ સમારોહ જોઈ શકે તે માટે લાઈવ ટેલીકાસ્ટ થતું હતું અને ગુરૂદેવને પણ તેની સામે રાખેલ ટીવીમાં દેશ વિદેશથી લોકો જે ભાવથી આ સમારોહ જોઈ રહયા હતા તે નિહાળી રહયા હતા. એટલું જ નહી પણ કયારેક લંડન કે અમેરીકાના ભાવિક આ સમારોહ જોતા હોય તેમને ઉદેશીને પણ જણાવી દેતા હતા. જે ન ત્ય નાટીકાઓ વચ્ચે હતી તે બધી જ ઓડીયો વીજયુઅલના માધ્યમથી ખુબ જ જીવંત હતી. પ્રોફેશનલ આર્ટીસ્ટ જે રીતે સ્ટેજ ઉપર પર્ફોમન્સ આપે તેવો જ ટુંકા સમયમાં આ બાબતની ટ્રેનીંગ લઈને નાના બાળકોથી માંડીને ભાવિકોએ સુંદર સ્ટેજ પરફોમ ન્સ આપીને પરમાત્મા અને ગુરૂદેવની વાણીને સ્ટેજ પરથી પ્રસારીત કરેલ.

:: ગુરૂ પૂર્ણિમા ::

આ ચાર્તુમાસ શુભેચ્છા અવસરે દેશ વિદેશથી લોકો આવેલા હતા આથી બીજા જ દિવસે એટલે કે ૨૬ જુન સોમવારના રોજ ગુરૂ પૂર્ણિમા ઉજવાયેલી હતી. ગુરૂદેવે ખુબ જ સરળ ભાષામાં અને તેની લાક્ષણીક શૈલથી ગુરૂ અને શીષ્યના સબંધો સમજાવેલ. એક ગુરૂ એક શિષ્ય પાસેથી શી અપેક્ષા રાખે છે તેના ચારે ચાર સુત્ર ગુરૂદેવે સમજાવેલ તેની સાથોસાથ નાટીકાના ઓડીયો વીજયુઅલ માધ્યમથી તેને જીવંત કરેલ. ગુરૂદેવે આપેલી પ્રતિજ્ઞાઓ હાજર રહેલા સેંકડો ગુરૂભક્તોએ સ્વીકારેલી અને હવેના વષો માં તેની અમલવારી કરશે તેવી ગુરૂદેવને ખાતરી પણ આપેલી.

:: આગામી પ્રસંગો ::

ગુરૂદેવનું ચાર્તુમાસ જુદા જુદા પ્રસંગોથી ભરચક રહેવાનું છે. તેમાં ૨૯ જુનથી ૨ જુલાઈ સુધી એન.આર.આઈ. શીબીર, તથા ત્યારબાદ વિચારધારા શીબીર, લુક એન્ડ લન ની દીદીઓની શીબીર, યુવા સંસ્થા શીબીરની સાથોસાથ પાંચ આત્મોસ્થાન શીબીરનું આયોજન છે. જૈનોના પવા ધીરાજ પર્યુષણ મહાપર્વમાં ગુરૂદેવના શ્રીમુખે વ્યાખ્યાન રહેશે. સાથોસાથ ગુરૂદેવનો જન્મ દિવસ ૨૪મી સપ્ટેબર માનવતા મહોત્સવ તરીકે ઉજવાશે. સાથોસાથ આત્મહીકારી નીત્ય ચાર્તુ માસીક આરાધના રોજેરોજ ચાલુ રહેશે. ગુરૂદેવનું વ્યાખ્યાન દરરોજ ૮–૩૦ કલાકે સવારે પ્રકૃતિધામના ખાસ બનાવેલ ડોમમાંથી શરૂ થશે. દર રવિવારે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધના થશે. ભાવિકોને માટે દરરોજ બપોરે ૪–૩૦ કલાકે ગુરૂદેવ પ્રશ્નોથી પ્રજ્ઞાદાનથી સમાધાન બતાવશે. આ રીતે ચાલુ વર્ષનું ચાર્તુમાસ રાષ્ટ્ર સંત પરમ ગુરૂદેવ નમ્રમુની મહારાજ સાહેબ અને તેમના સાધુ સંતો અને મહાસતીજીઓનો લાભ પણ મળશે.

:: કાકરીયા પરિવાર ::

કલકતાના કાકરીયા પરિવારના મોભી શ્રી અવંતીભાઈ કાકરીયાએ આ સમગ્ર ચાતુ માસની અનુમોદનાનો લાભ લીધેલો છે. આ કુટુંબની મા એટલે પરમ દાનવીર માત શ્રી તારાબેન હરખચંદભાઈ કાકરીયાની સ્મૃતિમાં સમગ્ર પરિવારે તેમની તપસાધના સંઘોની સેવા, સાસનની સેવા, ગરીબ દર્દીઓની સાર, સંભાળ અને ખેવનાના સંભારણા રૂપે આ સંપૂર્ણ ચાતુ માસની અનુમોદના કરવાનો લાભ લીધેલો છે અને સમગ્ર પરિવાર ચાતુ માસ પ્રવેશ અને ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે હાજર હતા. આવા માંની યાદમાં શ્રી અવંતીભાઈ કાકરીયા તથા તેના સમગ્ર કુટુંબમાં જેમણે ધર્મ, પ્રેમ અને સુસંસ્કારનું સિંચન કર્યુ, ભામાશા સમી જેમની ઉદારતા હતી તેનું ઋણ ચુકવવાના ભાગરૂપે પારસધામ ગીરનારમાં ગીરનાર વંદનમ્ વર્ષા વાસના સમગ્ર ચાર્તુમાસનો જેમણે લાભ લીધેલો હતો તે શ્રી અવંતીભાઈ કાકરીયાના સમગ્ર પરિવારને પણ ધન્ય છે. એ વાતની નોંધ પણ જરૂરી છે કે લગભગ સાડા ત્રણ માસના વિક્રમ સમયમાં ગુરૂદેવ શેષકાળમાં જયાં રહેતા હતા તે ભવ્યાતી ભવ્ય આરાધના કેન્દ્ર "ગુરૂ શરણમ્" ના નામે તૈયાર કરી દીધેલ. આવા દાનવીર શેઠશ્રી અવંતીભાઈ કાકરીયા માટે આપણે ભગવાનને એટલી જ પ્રાર્થના કરીએ કે જે સંપતિનો સુયોગ્ય ઉપયોગ કરીને આ કુટુંબ ધર્મ લાભ લઈ રહયો છે તેનાથી પણ અનેકગણું તેમને પ્રાપ્ત થાય. ગુરૂદેવના શ્રીમુખેથી થતા નિયમીત પ્રવચનોની જાણકારી અમો વાંચકો સુધી પહોંચે તે માટે સૌરાષ્ટ્રભુમિ દૈનિક પ્રયાસ કરી રહયો છું અને નિયમીત રીતે આ દૈનિકમાં અમો પ્રકાશીત કરીશું.

